Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४ माघ आत्म सं. ३२ { अंक ७ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી મહાવીર જિન સ્તુતિ. ... | ૧૬૫ | ૭ વીસમીસદીનું સંઘ બંધારણ૨. | ૧૭૬ |
| ૨ ગુરૂ સ્તુતિ. ... | ... ૧૬૬ | ૮ સુજનતા અને સુસ્વભાવ. ... | ૧૭૮ |
| ૩ તીર્થંકર ચરિત્ર. ... | ... ૧૬૭ | ૯ મુલાકાત અને ધર્મ સંવાદ | ૧૮૧–૧૮૫ |
| ૪ ગુરૂરાજને ચરણે ... | ... ૧૭૨ | ૧૦ વર્તમાન સમાચાર. ... | ૧૮૩ |
| ૫ પ્રાસ્તાવિક વિચારો. | ... ૧૭૩ | ૧૧ સ્વીકાર અને સમાલોચના. ... | ૧૮૮ |
| ૬ ખરચોવીશી. ... | ... ૧૭૫ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત.

# શ્રી ધર્મબિન્દુ ગ્રંથ.

**આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.**

**( મૂળ અને મૂળ ટીકાનું શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )**

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં ચૌદસોને ચુંમાલીશ ગ્રંથોના કર્તા તરીકે પ્રખ્યાત છે, તેની કૃતિમાં અદ્દભુત અને સુબોધક રચનાનું દર્શન થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. તે મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના ધર્મ બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યો છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે, જે વાંચવાથી વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ–સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મ-રૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજ-રાતી ટાઇપમાં છપાવેલ છે.

ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, સુશોભિત પાકા કાપડના બાઇડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારશેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂા. ૨–૦–૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## નવા દાખલ થએલા માનવંતા સભાસદો.

| | |
|---|---|
| ૧ શાહ ઓધવજી ધનજીભાઇ બી. એ. એલ. એલ. બી. સોલીસીટર રે. ભાવનગર—હાલ મુંબઇ. | પે. વ. લા. મેં. |
| ૨ શા પાનાચંદ મગનલાલ, ગોધરાવાલા,—હાલ દાહોદ. | ,, |
| ૩ શા ભગવાનદાસ ગોવીંદજી —ભાવનગર. | બી. વ. લા. મેં. |
| ૪ શેઠ હરજીવનદાસ મૂળચંદ—ખડસલીયા | ,, |
| ૫ શા ભોગીલાલ મોતીલાલ—પાલેજ | ,, |
| ૬ શેઠ કીરસનજી પુરૂષોતમ અમરશી જૈન ફ્રી લાઇબ્રેરીમાંડવી ( કચ્છ ) | ,, |
| ૭ શા કેશવલાલ દામોદરદાસ | વા. મેંબર |
| ૮ શા ચુનીલાલ નાગરદાસ – કરજણ | ,, |
| ૯ શા વાલજી મૂળજી—કેરીઆ | ,, |
| ૧૦ ગાંધી કુંવરજી જેઠાલાલ—ચભાડીયા | ,, |
| ૧૧ શા કાળીદાસ છગનલાલ—જાળીયા | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५४. माघ. आत्म संवत् ३२ { अंक ७ मो.

## श्री महावीर जिन स्तुतिः ( वसन्ततिलकावृत्तम् )

लें० अजित.

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा—
मुत्तेजयच्चरणपङ्कजयुग्ममीश ?।
तावत्कमुन्नतिकरं शरणं करोमि,
सिद्धार्थराजसुत ? सिद्धिसुखप्रदायि ॥ १ ॥
श्रीमज्जिनेन्द्र निकरं सततं स्तुवेऽह-
मुद्योतकं दलितपापतमोवितानम् ।
संसारसागरतरण्डसमं निकामं,
देवासुरैः प्रणतपादयुगं स्वभक्त्या ॥ २ ॥
लब्ध्वा जिनेश्वरमुखात्त्रिपदीं प्रशस्तां,
सिद्धान्त मक्रियत यद्गणभृत्समूहैः ।
सम्यक्प्रणम्य जिनपादयुगं युगादा-
विष्टप्रदं भवतु तद्भवि मानवानाम् ॥ ३ ॥
सिद्धायिकेति तव वीर ? जिनेश ? देवी,
पादाम्बुजेऽजितनते भजति स्म नित्यम् ।
दुष्टाऽऽमयोर्मिकलिते दर विघ्नराशा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરૂ સ્તુતિ

આતમ તત્વ તરંગિણીમાં ગુરૂ ઝીલતા,
ક્ષણુ ક્ષણુ ધોતા સર્વ કર્મનો પંક જો;
સાવધતાની વધતાથી મન વાળતા;
ચરતા ચરણુને કરણુ દમી નિ:શંક જો. આ૦ ૧
ફળતા સુંદર કેવળ રૂપી આતમા,
દેહ ગેહ સમ જાણે જ્ઞાને ભિન્ન જો
કુશળ બોધ જળથી ક્રોધાનળ હોલવી,
શીતળ શાંત પ્રવાહે, વહે અવિચ્છિન્ન જો. આ૦ ૨
સ્તુતિ નિંદા શબ્દ વિષયના વિષથી,
નિશ્ચેતન નવિ થાએ સુચેતનવંત જો
વર્ણગંધ રસ સ્પર્શ સર્પ વિષ નવી ચઢે,
તત્વામૃતમય કાય થયા ભગવંત જો. આ૦ ૩
રમતા સમતા સાથે મમતા પરિહરી,
નમતા ફળ ભરભાર નમે જ્યમ વૃક્ષ જો;
ચંપક પરિમળ સદૃશ શીળ સુગંધથી,
વાસિત કરવા ભવ વાસીને દક્ષ જો. આ૦ ૪
વિકળ ન થાયે કળીને ભવના ભાવને,
પાર્વણુ શશી જ્યમ ઉજ્વલ છે કળાવાન જો;
લાભ સ્વરૂપ તણો મેળવવા ભાવતા,
માણુક મોતી સમ સુવર્ણ પાષાણુ જો. આ૦ ૫
જન્મ મૃત્યુની ભીતિ ભીષણુ ભવ્યની,
ભાંગી મેળવી આપે પરમ નિધાન જો;
ભદ્રિકનાં સુભદ્ર ભદ્રપણે કરે,
સમળ અમળ કરી કરે વિમળ ગુણુવાન જો. આ૦ ૬
યમ આમંત્રણુ યંત્રણુ આધિ વ્યાધિનું,
ગણુતા નવિ અવગણુના કરતા ક્ષેમ જો,
બહિરાતમ ટાળી અંતર આતમા,
ઓળખી પરમાતમ પર રાખે પ્રેમ જો. આ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ
# તીર્થંકર ચરિત્ર.

ગતાંક પૃષ્ટ ૧૪૭ થી શરૂ.

## શ્રી સ્થાનાંગ સૂત્ર.*

અ૦ ૨, ઉ૦ ૪, સુત્ર ૧૦૮, મુનિ સુવ્રતસ્વામી અને અરિષ્ટનેમિ એ બે તીર્થંકરો નીલકમલ સમાન વર્ણવાળા છે. મલ્લીનાથ અને પાર્શ્વનાથ એ બે તીર્થંકરો રાયણુ સમાન( કાળા ) વર્ણવાળા છે. પદ્મપ્રભ અને વાસુપૂજ્ય એ બે તીર્થંકરો પદ્મ સમાન લાલ વર્ણવાળા છે. તથા ચંદ્રપ્રભુ અને પુષ્પદંત ( સુવિધિનાથ ) એ બે તીર્થંકરો ચંદ્ર સમાન ગૌર વર્ણવાળા છે.

૩–૧–૧૨૮. નામપુરૂષ ‘ સ્થાપનાપુરૂષ ’ અને દ્રવ્યપુરૂષ એમ પુરૂષો ત્રણ પ્રકારે છે. ઉત્તમ પુરૂષ મધ્યમ પુરૂષ અને જઘન્ય પુરૂષ. એમ પુરૂષો ત્રણ પ્રકારે છે.—ધર્મપુરૂષ, ભોગપુરૂષ અને કર્મપુરૂષ એ ત્રણ ઉત્તમ પુરૂષ છે. તેમાં અરિહંતો ધર્મપુરૂષ છે. ચક્રવર્તીઓ ભોગપુરૂષ છે. અને વાસુદેવો કર્મપુરૂષ છે. ઉગ્ર ભોગ અને રાજન્ય એ ત્રણ મધ્યમ પુરૂષો છે. દાસ, ચાકર અને શુદ્ધ ચાતુર્થિક વિગેરે ભાગીદાર એ ત્રણ જઘન્ય પુરૂષો છે.

---

* વિશેષ સૂત્રો.

જ્ઞાન—૭૧–૯૮. ૪૬૩–૫૧૦–૫૪૨–૫૫૨.—આગમ—૧૫૯ ૨૬૨–૨૯૭–૨૯૮–૬૭૨–૭૨૭–૭૪૨–૭૫૫.

પ્રાચિન પુસ્તકોની આકૃતિ—૩૦૯ ની ટીકા. શરીર–૭૫–૮૫–૨૦૯–૪૧૬–૪૯૪–૪૯૫–૬૭૫–૭૭૨

જન્મવિષય—૧૪૦–૪૧૬–૫૪૩–૫૯૭.

ભૂગોળ—૮૬–૮૭–૯૨–૧૮૩–૧૯૭–૨૦૪–૩૦૦ થી ૩૦૭–૪૩૪–૫૨૨–૬૩૫ થી ૬૪૪–૬૮૯–૭૨૦ થી ૭૨૮.

ભરતક્ષેત્રની મહા નદીઓ—૪૧૨–૪૧૩–૪૭૦–૭૧૭. ધરતીકંપ—૧૯૮.

ગામ નામાવળી છાયા આતપ અંધકાર માન પ્રમાણુ.—૯૫. વૃષ્ટિ—૧૭૬–૩૪૬–૩૪૭.

પ્રાણીવર્ગ—૧૨૯–૧૩૧–૨૪૩–૩૫૦–૪૫૩–૫૪૩–૫૯૫.

વ્યાકરણ નિમિત્ત વિગેરે—૧૬૧–૧૯૩–૩૪૩–૩૪૪–૩૭૪–૬૦૮–૬૦૯.–૬૧૧–૬૬૭–૬૭૮–૬૭૯. ૭૧૪ ૭૪૩–૭૪૭. નામાવળી–૨૯૧–૬૪૮–૭૪૨. કથા—૧૮૯–૨૮૪–૨૮૯–૩૩૮–૫૬૯.

ઉપમા—૭૪૧, સ્વરમંડળ—૫૫૩. શબ્દો—૮૧–૭૦૫–૭૦૬. વિષ—૩૪૧–૫૩૩.

નીધિ—૪૪૮, મગધમાપ—૬૩૪, દંડ—૪૫૬. ગોત્ર—૫૫૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩-૧-૧૩૩. + + તથા સ્વરૂપવાળા શ્રમણ બ્રાહ્મણની ઋદ્ધિ વિગેરે દેખાડતો દેવ વિજળીનો ચમકાર + + મેઘની ગર્જના કરે છે.

૩-૧-૩૧૪ તીર્થંકર મોક્ષે જાય, અરિહંત પ્રરૂપિત ધર્મનો ઉચ્છેદ થાય અથવા પૂર્વનું શ્રુત નાશ પામે ત્યારે લોકમાં અંધકાર વ્યાપે છે. અરિહંતનો જન્મ થાય, ત્યારે અરિહંત દિક્ષા લ્યે ત્યારે અરિહંતના જ્ઞાન મહોત્સવમાં જગતમાં ઉદ્યોત થાય છે. તીર્થંકર મોક્ષે જાય. જીન ધર્મનો ઉચ્છેદ થાય કે પૂર્વ-શ્રુતનો નાશ થાય ત્યારે દેવલોકમાં અંધકાર વ્યાપે છે.

અરિહંતના જન્મ સમયે, દિક્ષામાં કે જ્ઞાન મહોત્સવ કાળે દેવલોકમાં ઉદ્યોત થાય છે. જીનજન્મ, જીનદિક્ષા અને જીનનો જ્ઞાન મહોત્સવ આ ત્રણ કારણે એકદમ દેવોનું આવાગમ થાય છે. એજ કારણે દેવોને હર્ષ થાય છે અને દેવોનો કોલાહલ પણ થાય છે. અરિહંતનો જન્મ થાય. અરિહંત પ્રવર્જ્યા લ્યે, અથવા અરિહંતનો જ્ઞાન મહોત્સવ હોય ત્યારે દેવેન્દ્રો એકદમ મનુષ્યલોકમાં આવે છે. અને એજ રીતે સામાનિક દેવો. ત્રાયસ્ત્રિંશત દેવો. લોકપાલો અગ્ર મહીષી ઈન્દ્રાણીઓ પરીવારના દેવો સૈન્યાધિપતિઓ આત્મરક્ષક દેવો પણ એકદમ મનુષ્યલોકમાં આવે છે. અરિહંતનો જન્મ વિગેરે ત્રણ કારણો હોય ત્યારે દેવો સિંહાસનમાંથી ઉઠે છે. ઇંદ્ર વિગેરેનાં આસન કંપે છે. દેવો સિંહનાદ કરે છે અને વસ્ત્રોની વૃષ્ટિ કરે છે એજ ત્રણ કારણે દેવોના ચૈત્યવૃક્ષો ચાલે છે, અરિહંતનો જન્મ થાય અરિહંત પ્રવર્જ્યા લ્યે અથવા અરિહંતનો જ્ઞાન મહોત્સવ હોય ત્યારે લોકાંતિક દેવો એકદમ મનુષ્યલોકમાં આવે છે.

( પ્રકાશ અંધકાર સૂત્ર—૩૨૪-૩૩૮-૯૫ ) *

૩-૧-૧૪૦ શિત. ઉષ્ણ અને શિતોષ્ણ એમ ત્રણ પ્રકારની યોનિ ( જન્મસ્થાન ) છે. જે અગ્નિકાય સિવાયના એકેન્દ્રિય વિકલેન્દ્રિય સમુર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને સમુર્છિમ મનુષ્યોને હોય છે. વળી સચિત્ત અચિત્ત અને મિશ્ર એમ યોનિના ત્રણ પ્રકાર છે. જે એકેન્દિય વિકલેન્દ્રિય સમુર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને સમુર્છિમ મનુષ્યોને હોય છે. વળી સંવૃત. વિવૃત. અને સંવૃતવિવૃત એમ યોનિના ત્રણ ભેદો છે વળી કુર્મોન્નતા શંખાવર્તા અને વંશીપત્રા એમ ત્રણ પ્રકારની યોનિ છે

---

ત્રણ પુરૂષાર્થ વેદ અને શામાદિ—૧૮૫. યુગ—૩૧૬. ગોશાળો—૩૦૯.

દશ ધર્મો—૭૬૦ થી ૭૬૨. રાજ્યચિન્હ—૪૦૮. અઢાર રસવતી—૧૩૫ ની ટીકા.

દશ ધર્મો—૭૬૦ થી ૭૬૨. રાજ્યચિન્હ ૪૦૮. અઢાર રસવતી—૧૩૫ ની ટીકા.

* દેવો માટે સૂત્ર —૯૪-૧૧૬-૧૯૯-૨૩૨-૨૭૩-૪૦૪-૫૦૫-૫૨૩-૫૭૪ થી ૫૮૩-૬૫૦-૬૮૨ થી ૮૫ ૭૬૮-૭૬૯. વિગેરે. લેકપાલો સૂત્ર—૨૫૬. લોકાંતિક દેવો સૂત્ર. ૬૮૪.

દેવ અસુરોનું ભવ પ્રત્યયિક વેર છે સૂત્ર—૧૯૮ ની ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પૈકીની કુર્મોન્નતા યોનિમાં અરિહંત. ચક્રવર્તી. બળદેવ અને વાસુદેવોનો ગર્ભ રહે છે. શંખાવર્તયોનિ ચક્રવર્તિનીસ્ત્રીરત્નને હોય છે જેની યોનિમાં ઘણાં જીવો અને પુદ્ગલો આવે છે જાય છે ચ્યવે છે ઉપજે છે પણ ગર્ભપણે રહેતા નથી. વંશીપત્ર યોનિમાં વિવિધ પ્રકારના ઘણા જીવોનો ગર્ભ રહે છે.

૩. ૪. ૨૩૧. શાંતિનાથ કુંથુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકરો ચક્રવર્તીહતા.

૪. ૧. ૨૩૫. ચાર અંતક્રિયાનો અધિકાર–ભરતચક્રવર્તી–ગજસુકુમાલમુનિ સનત્કુમાર ચક્રવર્તી–મરૂદેવામાતાનાં દષ્ટાંતો.

૪. ૧. ૨૬૬. ભરત અને ઐરવતક્ષેત્રના પહેલા અને છેલ્લા તીર્થંકર સિવાયના મધ્યના બાવીશ તીર્થંકર ભગવંતો ૧ સર્વથા પ્રાણાતિપાત વિરમણ સર્વથા મૃષાવાદ વિરમણ ૩ સર્વથા અદત્તા દાન વિરમણ અને ૪ સર્વથા બહિર્ધા–દાન બહિર્ધા–આદાન મૈથુન–પરિગ્રહ ) વિરમણ એ પ્રમાણે ચાતુર્યામ ધર્મ ઉપદેશે છે એજ રીતે સર્વ મહાવિદેહોના તીર્થંકર ભગવંતો સર્વથા પ્રાણાતિપાત વિરમણથી યાવત્....સર્વથા બહિર્ધાદાન વિરમણ સુધીનો ચાતુર્યામ ધર્મ ઉપદેશે છે.

૪. ૧. ૨૬૭. સિદ્ધસુગતિ દેવસુગતિ મનુષ્યસુગતિ અને સારા કુળમાં જન્મ ( દેવગતિમાંથી ઇક્ષ્વાકુ વિગેરે કુલમાં આવેલા તીર્થંકરોનો જન્મ ) એ ચાર સદ્ગતિઓ છે. × × તે ચાર ગતિમાં ગએલા ચાર સદ્ગતો કહેવાય છે.

૪. ૧. ૨૬૮. સયોગિ કેવળીને પહેલા સમયે જ્ઞાનાવરણીય. દર્શનાવરણીય મોહનીય અને અંતરાય એ ચાર કર્મો નાશ પામે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનારા અરિહંત જીન અને કેવળી વેદનીય. આયુષ્ય નામ અને ગોત્ર એ ચાર કર્મોને વેદે છે અને સિદ્ધ થએલાને પહેલે સમયેજ એક સાથે વેદનીય આયુષ્ય નામ અને ગોત્ર એ ચાર કર્મો ક્ષય થાય છે. નાશ પામે છે.

( કર્મ માટે જુઓ સૂત્ર, ૧૦૫. )

૪. ૩. ૩૧૭. શૂરવીર ચાર પ્રકારના છે. ક્ષમાશૂર, તપશૂર, દાનશૂર અને યુદ્ધશૂર તેમાં અરિહંતો ક્ષમાશૂર હોય છે, અણગારો તપશૂર હોય છે, કુબેર દાનશૂર હોય છે અને વાસુદેવો યુદ્ધશૂર હોય છે.

૪. ૩. ૩૨૨. શ્રમણ ભગવાન મહાવીરના શ્રમણોપાસકની સૌધર્મ દેવલોકના અરૂણાભવિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે*

૪. ૩. ૩૨૩. દેવોને મનુષ્ય લોકમાં આવવાનો અધિકાર × × ગણધર વિગેરે × × ( તથા જુઓ સૂત્ર. ૧૭૭. ૧૭૮. ૧૭૯. )

* શ્રાવકોના ચાર પ્રકાર. ૩૧૧ ૩૨૨.
ભાવના તપ વિગેરે સુત્રો. ૨૧૦. ૨૪૭. ૫૧૧. ૬૪૯. ૬૫૫. ૬૭૭. ૭૪૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. ૩. ૩૨૪. અરિહંત મોક્ષે જાય. અરિહંત પ્રરૂપિત ધર્મનો વ્યુચ્છેદ થાય. પૂર્વગતશ્રુત, નાશ પામે. અથવા અગ્નિ ઓલવાઇ જાય. આ ચાર કારણે લોકમાં અંધકાર વ્યાપે છે તથા દેવાંધકાર વ્યાપે છે. અરિહંતનો જન્મ થાય, અરિહંત પ્રવ્રજ્યા લ્યે, અરિહંતનો જ્ઞાનપ્રાપ્તિનો મહોત્સવ હોય અને અરિહંતનો નિર્વાણ મહોત્સવ હોય ત્યારે લોકમાં ઉદ્યોત થાય છે. અને એજ ચાર કારણે દેવલોકમાં ઉદ્યોત થાય છે દેવોનું આવાગમન થાય છે. દેવોમાં આનંદ પ્રવર્તે છે દેવોનો કોલાહળ થાય છે. એજ ચાર કારણે દેવેન્દ્રો એકદમ મનુષ્ય લોકમાં આવે છે. એજ રીતે યાવત્....ત્રિજા સ્થાનમાં ( સુત્ર ૩૧૪ ) કહ્યા પ્રમાણે અરિહંતના જન્મથી પ્રારંભીને નિર્વાણ મહોત્સવ સુધીના ચાર કારણે લોકાંતિકો એકદમ મનુષ્યલોકમાં આવે છે વિગેરે જાણવું.

૪. ૩. ૩૨૫. સાધુની ચાર દુ:ખશય્યા અને ચાર સુખશય્યાનો અધિકાર × × ચોથી સુખ શય્યા—તે મુંડ થએલ. દિક્ષિત અણગાર એમ ચિંતવે કે "યદિ આરોગ્યવાળા બળવાળા નિરોગી શરીરવાળા તીર્થંકર ભગવંતો પણ ઉદાર મંગળ સ્વરૂપ બહુ દિવસોવાળાં સંયમ યત્નવાળાં આદરપૂર્વક સ્વીકારાતાં અચિંત્ય સામર્થ્યવાળાં અને કર્મક્ષયનાં કારણરૂપ વિવિધ પ્રકારનાં તપ તપે છે જ્યારે હું આવેલી અને ઉત્પન્ન થયેલી વેદનાને સારી રીતે સહન કરતો નથી. × × × તો પછી આવેલી અને ઉત્પન્ન થયેલી વેદનાને પણ નહીં સહન કરનાર × × × એવા મને શું થાય ? એકાંતપણે પાપકર્મ લાગે અને જો હું આવેલી ઉત્પન્ન થયેલી વેદનાને સારી રીતે સહન કરૂં તો મને શું થાય ? સર્વથા નિર્જરા થાય " ઇતિ ચોથી સુખ શય્યા.

૫. ૧. ૩૯૬–૩૯૭. પહેલા અને છેલ્લા તીર્થંકરો તથા મધ્યના બાવીશ તીર્થંકરોના શાસનમાં પાંચ દુર્ગમ–સુગમ અભ્યુજ્ઞાત, ધર્મ, તપ, આસન, મહાનિર્જરા સ્થાનો વિગેરે અધિકાર.

૫. ૧. ૪૧૧. પદ્મપ્રભુ ભગવાન પાંચ ચિત્રા નક્ષત્રમાં થયા. ચિત્રામાં ચ્યવી ગર્ભમાં આવ્યા. ચિત્રામાં જન્મયા. ચિત્રામાં મુંડ થઇ ઘરનો ત્યાગ કરી પ્રવ્રજીત થયા. ચિત્રામાં અનંત અણુત્તર નિર્વ્યાઘાત નિરાવરણ પૂર્ણ પરિપૂર્ણ શ્રેષ્ટ કેવળજ્ઞાન–કેવળદર્શન ઉપજ્યાં. અને ચિત્રામાં નિર્વાણ પામ્યા. પુષ્પદંત ( સુવિધનાથ ) ભગવાન પાંચ મૂળ નક્ષત્રમાં થયા. મૂળ નક્ષત્રમાં ચવીને ગર્ભમાં આવ્યા. વિગેરે પૂર્વેની: પેઠે જાણવું અને એ પાઠ પ્રમાણે નીચેની ગાથાઓમાં અનુસરવું.

ચ્યવન વિગેરે પાંચ પાંચ સ્થાનમાં પદ્મપ્રભુને ચિત્રા, સુવિધિનાથને મૂળ, શીતળનાથને પૂર્વાષાઢા, વિમળનાથને ઉત્તરાભાદ્રપદ, અનંતનાથને રેવતી, ધર્મનાથને પુષ્ય, શાંતિનાથને ભરણી, કુંથુનાથને કૃતિકા, અરનાથને રેવતી, મુનિસુવ્રતસ્વામીને શ્રવણ, નમિનાથને અશ્વિની, નેમિનાથને ચિત્રા, પાર્શ્વનાથને વિશાખા, અને વીર ભગવાનને પાંચ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર જાણવા (સંગ્રહણી ગાથા–૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રમણ ભગવાન મહાવીર પાંચ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થયા, ઉત્તરા ફાલ્ગુનીમાં ચ્યવીને ગર્ભમાં આવ્યા, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં એક ગર્ભથી બીજા ગર્ભમાં સંહરાયા, ઉત્તરા ફાલ્ગુનીમાં જન્મ્યા, ઉત્તરા ફાલ્ગુનીમાં મુંડ થઇ પ્રવર્જીત થયા અને ઉત્તરા ફાલ્ગુનીમાં અનંત અનુત્તર પ્રધાન કેવળ જ્ઞાન–કેવળ દર્શન પામ્યા. *૧

૫–૨–૪૨૬ અરિહંતનો અવર્ણવાદ બોલવાથી, અરિહંત પ્રરૂપિત ધર્મનો અવર્ણવાદ બોલવાથી, આચાર્ય–ઉપાધ્યાયનો અવર્ણવાદ બોલવાથી, ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલવાથી અને તપ તથા બ્રહ્મચર્યના ફળને ભોગવનાર દેવોનો અવર્ણવાદ બોલવાથી એ પાંચ પ્રકારે જીવો દુર્લભ બોધિપણાને પામે છે; તથા અરિહંતના ગુણ ગાનાર યાવત પરિપકવ તપ બ્રહ્મચર્યવાળા દેવોની (વિષયમત્ત દેવો પણ જીનમંદિરમાં અપ્સરાઓ સાથે હાસ્યાદિ કરતા નથી વિગેરે બાબતમાં પ્રશંસા કરનાર એમ પાંચ પ્રકારના જીવો સુલભ બોધિપણાને પામે છે.)

૫–૩–૪૭૧ વાસુપૂજ્ય મલ્લીનાથ અરિષ્ટનેમિ પાર્શ્વનાથ અને મહાવીર ભગવાન એ પાંચ તીર્થંકરો કુમારાવસ્થામાં રહીનેજ (રાજ્ય ભોગવ્યા સિવાય) લોચ કરી દિક્ષિત થયા. *૨

૬–૩–૫૨૦. પુરૂષાદાનિય અરિહંત પાર્શ્વનાથ ભગવાનને દેવ મનુષ્ય અને અસુરોની સભામાં પણ પરાજય ન પામે એવા છસો વાદીઓ હતા.

વાસુપૂજ્ય ભગવાને છસો પુરૂષો સાથે લોચ કરી દિક્ષા લીધી.

ચંદ્રપ્રભુ ભગવાન છ માસ સુધી છદ્મસ્થ હતા.

૬–૩–૫૩૧ શ્રમણ ભગવાન મહાવીરે પાણી રહિત છઠ્ઠ (બે ઉપવાસ) કરી લોચ કરી દિક્ષા લીધી. શ્રમણ ભગવાન મહાવીરને પાણી રહિત છઠ્ઠ ભક્તે અનંત અનૂત્તર યાવત....કેવળ જ્ઞાનદર્શન થયાં. શ્રમણ ભગવાન મહાવીર પાણી રહિત છઠ્ઠ ભક્ત વડે સિદ્ધ થયા. યાવત સર્વ દુઃખ રહિત થયા.

---

* ૧ ખગોળ સૂત્ર. ૯૦–૪૮૧–૫૮૯. ૬૯૯–૭૮૧.

નિર્વાણ સૂત્ર ૬૪૮ દિશા સૂત્ર—૪૯૯–૭૨૦

* ૨ દિક્ષા શિષ્ય પરિક્ષા સૂત્ર—૧૩૮–૧૫૭–૧૫૯–૨૦૨–૨૦૬–૩૫૫–૪૩૯–૪૪૫–૫૪૧.

દિક્ષા કઇ રીતે દેવી ? સૂત્ર ૧૫૭–૩૫૫

સાધુને મહા દોષો સૂત્ર—૪૧૪–૪૨૬. ૫૦૧. મહા ઉપકાર સૂત્ર.—૧૩૫.

વસ્ત્રપાત્ર સૂત્ર—૧૭૦–૨૪૬–૪૪૬. આચત્તપાણી સૂત્ર. ૧૮૨.

શુદ્ધ કે અચિત્ત વાયુ. ૪૪૪–૭૪૪–૪૪૭ ની ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરૂરાજનાં ચરણે.

( રાગ-કવાલી. )

અગાધ અજ્ઞાન અંધારે, તિમિર કુપંથના કુંપે;
ફસાયો તો અહા ! ગુરૂજી ! ચરણ સેવા મળી જ્યારે.
જરીએ ભાન જીવનનું, ગુરૂજી ના હતું ત્યારે;
હતો નહીં જ્ઞાનનો છાંટો, ચરણ સેવા મળી જ્યારે.
અસત્ ને સત્ય શામાં છે, સમજતો ના જરીએ હું;
ન જાણું ધ્યેય જીવનનું, ચરણ સેવા મળી જ્યારે.
ગુલામી પ્રેમથી કરતો, મહા એ મોહરાજાની;
ન બીતો પાપથી જરીએ, ચરણ સેવા મળી જ્યારે.
જગતમાં મોજ માનીને, ગુરૂજી ! હું અહા ! ધરતો;
સુખે સંસારની બેડી, ચરણ સેવા મળી જ્યારે.
અહો ભાગ્યે અહા ! ત્યારે, ગુરૂજી ! આપશ્રી મળીયા;
કરાવ્યું ભાન જીવનનું, ચરણ સેવા મળી જ્યારે.
અસરકારક રૂડી રીતે, હૃદય વિદારી વાણીથી;
હૃદયના મર્મને વીંધ્યા, ચરણ સેવા મલી જ્યારે.
અસત્ ને સત્ય શામાં છે, કહ્યું એ ઓર રીતિએ;
બતાવ્યું શ્રેય આત્માનું, ચરણ સેવા મળી જ્યારે.
મહા ઉપકાર ગુરૂશ્રીનો, ન ભૂલું જીંદગી ભરમાં;
હૃદય માંહી સ્મરૂં નિશદિન. ચરણ સેવા મળી જ્યારે.
ગુરૂજી વાડીલાલ પ્રીતે, નમાવી શીર્ષ ચરણોમાં;
સદા માગે પ્રભુશ્રીની, ચરણ સેવા ચરણ સેવા.

**વાડીલાલ જીવાભાઇ ચોકસી—ખંભાત**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રાસ્તાવિક વિચારો.

હે માનવ! બુદ્ધિ સમજે છે, મન કબુલ કરે છે, છતાં સંકલ્પ શકિત સતત ટકતી નથી એ મુશ્કેલી તારી એકલાની નથી. પરંતુ જો તને એકવાર પણ એમ સાચે સાચુંજ લાગ્યું હોય કે "મારામાં એ પ્રમાણે કરવાની તાકાત છે." મારે એ પ્રમાણે કરવું જોઇએ" તો પછી તેનો અમલ ન થવાનું કારણ માત્ર સહૃદયતાની ખામી; ભૂતકાળની તમોગુણી વૃત્તિ, માનસિક અપ્રમાણિકતા અને પ્રમાદજ ગણાય. પરંતુ તેથી નિરાશ થવાની જરૂર નથી, દીલની સરખાઇ એ એક એવી વસ્તુ છે કે લગભગ બધીજ ખામીઓને પહોંચી વળવાની તેનામાં શક્તિ છે. દીલને સાફ અને સાચું રાખવાની ખાસ જરૂર છે. Sincerity નો અર્થ એજ છે.

કર્મ ઉપર બધુંજ છોડી દેવાની શકિત વિરલ છે. સામાન્ય તો શું પણ અસાધારણ ગણાતા માણસો પણ કર્મ ઉપર કે તેની શકિત ઉપર બધું છોડી દઇ શકતા નથી. બહારથી કહેવાયાથી એ પ્રમાણે જાહેર કરે તેથી શું વળે ? વાચા એ પ્રમાણે કહેતી જાય અને અંતર તો આપોઆપ પોતે ધારેલી દીશાએ કાર્ય કરેજ જાય! એટલે કર્મના ઉપર છોડવાનો અસાધારણ માર્ગ કેટલીક વિરલ વ્યક્તિ માટેજ છે.

બુદ્ધિપૂર્વક અને સજ્ઞાન પ્રયત્નોથીજ આંતર પ્રગતિ થાય છે. ખરૂં જોતાં એવી પ્રગતિ કરવા માટેજ માનવ જન્મ અને તેના સૂક્ષ્મ અને સ્થૂલ દેહની રચના છે. પ્રકૃતિમાં ઉત્ક્રાંતિ થાય છે તે પણ એવા પ્રયત્નને માટેજ. જ્યારે બુદ્ધિની ભૂમિકા માનવ જાતિમાં ખુલે છે ત્યારે પ્રકૃતિમાં જે પ્રગતિ યાંત્રિક રીતે થાય છે તેને માનવ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને અનંત ગણો વેગ આપી શકે છે અને પ્રકૃતિના યાંત્રિક પ્રયોગને સજીવ અને સચેતન બનાવી મૂકે છે !

કોઇ પણ સહૃદય, ઉન્નતગામી, પ્રયત્ન કેવળ નિષ્ફળ જતો નથી તેનું પરિણામ તુર્તને તુર્ત ભલે ન દેખાય, તેનું પરીણામ આપણે ધારીએ કે માગીએ તેવું ભલે ન આવે પરંતુ તે નિષ્ફળ નથી એ તો નક્કીજ. જો એવા પ્રયત્નો નિષ્ફળ જાય તો કુદરતની રચનામાં ભયંકર નુકશાન આફત આવીજ કહેવાય, અને કોઇ મહાન પેઢી દીવાળું કાઢે એમ તેણે પણ દીવાળુંજ કાઢયું ગણાય. પરંતુ હજુ સુધી એવું કદી અનુભવ્યું નથી, એટલે માનવજાતિની શ્રદ્ધા મુશ્કેલીઓ વચ્ચે પણ ટકી રહેલી જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" દરેકના ભાગ્યમાં ઉચ્ચજીવન ગાળવાનું હોતું નથી." એ વિચાર કાંઇક અંશે ખરો કહી શકાય, પરંતુ કોઇ પણ માનવ એ સૂત્રનો સંપૂર્ણ અમલ કરી શકતો જ નથી એટલે વ્યકિતનો પોતાનો પ્રયત્ન દરેક માણસને માટે અનિવાર્ય રહે છે. " ભાગ્યમાં અમુક નથી" તેથી માણસે પ્રયત્ન શા માટે ન કરવો ?

હે માનવ ! " ભાગ્યશાળી કે પૂણ્યશાળી પ્રભુ કૃપાંનો અધિકારી " જ ઉચ્ચ જીવન ગાળી શકે એમ તારા કહેવાનો સ્વીકાર કરીએ તોપણ તે અધિકારી શી રીતે થયો ! " તે પ્રશ્ન તો રહેવાનો જ. ભાગ્યનું સર્જન કરવામાં વ્યકિતનો પોતાનો પણ હાથ છે. સારૂં ગ્રહણ કરવાને મન તૈયાર થઇ જાય છે—પરંતુ થોડાજ સમયમાં પાછું વિસ્મૃતિમાં જઇ પડે છે; તે બતાવે છે કે વ્યકિતએ પ્રયત્ન કરવાનો બાકી છે, **તેનામાં** જોઇએ તેટલું સંકલ્પ બળ નથી. સહૃદયતાની ખામી છે. પ્રયત્ન કરવાથી એ બન્ને વસ્તુઓ પ્રાપ્ત કરી શકાય તેમ છે. વળી એ કાર્યમાં પ્રાર્થના વિગેરે સાચા હૃદયથી કરવાથી ભગવાનની કૃપા પણ મેળવી શકાય છે. હાથ જોડી બેસી રહેવાથી તે મળી શકે નહિં એ દેખીતું છે.

જીવન કાર્યની નિશ્ચિત દિશાનો જુવાનોમાં જે અભાવ સામાન્ય રીતે જોવામાં આવે છે તેને પરિણામે તેઓ એકથી બીજા એમ અનેક અખતરાઓ પોતાના જીવન સાથે કરે છે. સમાજની પુનર્ઘટના જરૂરની છે, સાહિત્યમાં નવીન સૃષ્ટિની અગત્ય છે, રાજકીય સ્વતંત્રતા ઉપર જીવન મૃત્યુનો પ્રશ્ન લટકે છે, આર્થિક ઉન્નતિ વિના દેશની પ્રગતિનો સંભવ નથી. ધાર્મિક ઉન્નતિમાં આપણી પ્રજાની ઉન્નાતનો પાયો છે.

જ્યાં સુધી જીવનનો આદર્શ પ્રાપ્ત થયો ન હોય ત્યાં સુધી અંતરને તૈયાર કરવા ઉપર અને પોતાના જીવનનું કાર્ય શોધવા તરફ માણસે સંપૂર્ણ લક્ષ આપવું જોઇએ. એ કાર્ય કરતાં માર્ગમાં પોતાને જેનાથી સહાય થાય તે લેવા ચુકવું નહિ. વાંચન, વિચાર, સંગતિ, સંસ્થા, કુટુંબ જીવન; સંગીત, ચિત્રકળા વ્યાયામ....જે કાંઇ આત્મવિકાસમાં સહાયક હોય, અને જીવન ક્ષેત્ર નક્કી કરવામાં મદદ કરે તેવું હોય—તેનો ઉપયોગ કરવો જોઇએ. ' અમુક જ સારૂં ' એવો નિરપેક્ષ ( absolute ) સારા પણાવાળો કોઇ પણ પદાર્થ કે નિર્ણય નથી. માનવજીવનના બધાં–ધોરણો સાપેક્ષ ( relative ) છે. એટલે અમુક સારૂં તે અમુકના પ્રમાણમાં અથવા તો અમુકની સાથે સરખામણીમાંજ હોઇ શકે.

કોઈપણ આદર્શના સાક્ષાત્કારમાં પણ તમારે દામ આપવાને તૈયાર રહેવાનુંજ છે—પછી તે દામ ગમે તે સ્વરૂપે આપવાનું હોય, તે નક્કી કરવા માટે ત્રીજી એક વસ્તુ તમારામાં છે જે તમને પુષ્કળ મદદ કરી શકે તેમ છે—અને તે છે સૂક્ષ્મ, પ્રમાણિક અને સતત જાગૃત–આત્મનિરીક્ષણ યાને આંતર દૃષ્ટિ. પોતે કેવા છીએ ? આપણામાં શા વિચારો આવે જાય છે, આપણી બુદ્ધિમાં કેવી શકિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ? આપણા મનમાં કેવા સંકલ્પ વિકલ્પ થાય છે; આપણા હૃદયમાં કેવી લાગણીઓ અને ભાવો ઉભરાય છે; આપણા પ્રાણમાં કામનાઓ, વાસનાઓ, રાગદ્વેષ, જુના સંસ્કારો વિગેરે કેટલી અને કેવી છે—આપણા સ્થૂળ શરીરમાં કેવી ટેવો કેવા સંસ્કારો વિગેરે આવી રહેલાં છે એ બધાનું અવલોકન કરવાથી પોતાની યોગ્યતા યાને અધિકાર માણસને કાંઇક કાંઇક સમજાય છે અને અંતરાત્માનો સાદ નક્કી કરવામાં તે મદદગાર નીવડે છે. **નાનચંદ ઓધવજી દોશી**—નડીઆદ.

# ખર ચોવીશી.

૧ જ્ઞાતિ સુધારા ન સાધે તે ખર.
૨ વેર વર્ધક કંપનીમાં ભાગ ભજવે તે ખર.
૩ સ્વદારાને લુંડી માની અસહ્ય માર મારે તે ખર.
૪ અબોલ અબળાની આંતરડી કકળાવે તે ખર.
૫ કજીઆમાં જીવનની સાફલ્યતા માને તે ખર.
૬ સાચાં જુઠાં કરે તે ખર.
૭ જસને માટે જુતીઆં આપે તે ખર.
૮ કુલણજી બને તે ખર.
૯ ધર્મના ખાલી ઢોંગ કરે તે ખર.
૧૦ સખાવતી નાણાં પચાવી પડે ત ખર.
૧૧ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન ન કરે તે ખર.
૧૨ પાઠશાળાની પ્રગતિમાટે યથાશક્તિ ન કરે તે ખર.
૧૩ ઉદાર વૃત્તિ ન દર્શાવે તે ખર.
૧૪ પ્રાણી માત્ર ઉપર વગર વિચારે સમાનદષ્ટિ ઢાળે તે ખર.
૧૫ જ્યાં ત્યાં નૉનસેન્સ અને હમ્બગ કહે તે ખર.
૧૬ ઇજ્જત ગુમાવે તે ખર.
૧૭ માબાપને દુઃખ દે તે ખર.
૧૮ દેશકાળનો વિચાર ન કરે તે ખર.
૧૯ મગજ કોરે મૂકી કંઇ કરે તે ખર.
૨૦ જૈન સંસ્કૃતિનું ગૌરવ જાળવવા પ્રયાસ ન કરે તે ખર.
૨૧ જ્ઞાન અને દયા સૂત્ર ન જપે તે ખર.
૨૨ ત્રિયોગે ત્રિપુટી ન આરાધે તે ખર.
૨૩ શાસ્ત્ર વિરૂદ્ધ વર્તન કરે તે ખર.
૨૪ આત્માના પ્રકાશ માટે તનતોડ મહેનત ન કરે તે ખર.

લેખક:—**મણિલાલ માણેકચંદ મહુધાવાલા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીસમી સદીનું સંઘ બંધારણ.

## પૂર્વ સ્વરૂપની ઝાંખી:—

પરમાત્મા શ્રી મહાવીરદેવ સ્થાપિત ચતુર્વિધ સંઘ હજુપણુ જૈન સમાજમાં મહત્વનું સ્થાન ભોગવે છે. જો કે આજે જૈન સમાજ સંખ્યા બંધ જ્ઞાતિ, પેટા જ્ઞાતિ અને વાડાવાડીમાં વહેંચાયેલો છે. એટલુંજ નહિં પણ ઘણી ઘણી બાબતોમાં સંઘ સત્તા કરતાં જ્ઞાતિ ગૌરવ અગ્રસ્થાન ભોગવતું દૃષ્ટિ પંથમાં આવે છે છતાં 'સંઘ' શબ્દ આછા રૂપમાં પણુ સ્વકીર્તિ ટકાવી રહેલ છે એ હર્ષની વાત છે.

જીન આજ્ઞા પ્રમાણે અનુસરનાર એક સાધુ એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા એ ચતુર્વિધ સંઘનું નાનામાં નાનું રૂપક કહેવાય. એ સંખ્યામાં જેટલે અંશે વિશેષતા એટલું એનું બૃહત્ સ્વરૂપ. દરેક નગરો આવી સંસ્થા ધરાવતા—એની સંમતિપૂર્વક ધાર્મિક કાર્યો થતાં. એનું ગૌરવ એ કાળે સર્વોત્કૃષ્ટ હતું. સમાજમાં અગ્રસ્થાન ધરાવતી વ્યકિતઓમાંથી ગંભીર, ધીર, શ્રદ્ધાળુ અને દાનશીળ તથા જ્ઞાનપ્રિય શ્રાદ્ધને સંઘપતિ યાને સંઘને દોરવનાર તરિકે પસંદ કરવામાં આવતો, જે પોતાના સ્થાનમાં કરવામાં આવતાં દરેક કાર્યોમાં રસ ભર્યો ભાગ લેતો, કોઈ કામ વિણસે નહીં એની કાળજી રાખતો કેમકે જવાબદારી તેના શીરે રહેતી, તે પણુ પોતાના નગરસ્થ સાધુગણુની સલાહ પૂર્વકજ ધર્મના કાર્યો કરવા અર્થે સંઘને એકત્ર કરી સૌની સમંતિ મેળવીનેજ કાર્ય કરવામાં ઉદ્યુકત થતો, વધુમતિએ નહિ પણુ સર્વાનુમતે કાર્યો થતાં એમ કહેવામાં અતિશયોકિત જેવું નથી. જૈન ગ્રંથો સાક્ષી પુરે છે કે આવા ઉત્તમ પ્રકારની પ્રણાલી કેટલાયે કાળ પર્યંત અવિચ્છિન્નપણે ચાલુ રહી. ભલભલા વિદ્વાન્ અને સત્તાશાળી સૂરિવરોએ પણુ આ પ્રકારના સંઘને સર્વશ્રેષ્ટ અવધારી તેનું વર્ચસ્વ સ્વીકારવામાં લેશમાત્ર આનાકાની ન કરી.

આ પ્રથામાં કયારથી સડો પેઠો તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે છતાં એટલું અનુમાન કરી શકાય તેમ છે કે દિવસ જતાં જયારથી જ્ઞાતિઓના વાડા એ વિસ્તૃત અને વિકૃત રૂપ ધર્યું ત્યારથી આ સંસ્થાના મૂળમાં આઘાત થયો. જ્ઞાતિના પ્રશ્નોએ સંઘની મર્યાદાને ગુંગળાવવા માંડી. આ રીતે એક ધારા સંગઠનમાં ત્રુટ પડવી શરૂ થઇ. ધાર્મિક કાર્યો સાથે અન્ય સવાલોનો ખીચડો થવા માંડયો આગેવાનોની મમતા—મમતીનું એમાં મિશ્રણુ થયું. ગચ્છમતની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતો એમાં ભળી મુખ્ય મુદ્દો ગૌણ બની સ્વ કક્કો ખરો કરવાની વૃત્તિએ તીવ્રતા પકડી. સાધુ મહાત્માઓએ સલાહકારક પદ ઉપરથી આગળ વધી કાર્યવાહક પદ ધરવા માંડયું. ધીરજ અને સમતાથી કામ લઇ ઐકયતા કાયમ રાખવાને બદલે સત્તાનો સૂર દેખાડવા અર્થે ભાગલા પાડવા દ્વઈ પક્ષવૃત્તિને જળસિંચન થવા લાગ્યું. અન્ય સમાજમાં સંઘના આદેશનું ગૌરવ ટકાવવાની લાગણી ફેરવાઇ જઇ સ્વ સમાજમાં—પોતાના જ ઘરમાં એના હુકમોના ડિંડિમો ગજાવવાની લાલસા ઉદ્ભવી. આ રીતે ભાવનાએ સજજડ પલટો ખાધો. દૃષ્ટિબિંદુજ ઉંધુ વળી ગયું પછીતો સંઘ સત્તા એક કાતિલ હથિયાર બની ગયું. વાપરનાર ભાન ભૂલ્યા, સૌના સહકારની વાતો સ્વપ્નવત્ બની ગઈ. અગ્રણી ગણાતી વ્યકિતઓએ પોતાના મળતીયાના બળે સમષ્ટિની જરાપણ પરવા રાખ્યા વગર પ્રાપ્ત થયેલ અધિકારનો વારે–કવારે ઉપયોગ કરવા માંડયો, પાડોશી જનતામાં જૈન સમાજનો કીર્તિ–રવિ આ રીતે નિસ્તેજ થવા માંડયો. 'સંઘ–બહાર' રૂપી શસ્ત્ર વડે જૈન સમાજના ઘણા શકિતમંત માણસો ઘવાયા. સાધનના દુરૂપયોગે કેટલા બુદ્ધિમાનોને અસહકારનો પંથ લેવડાવ્યો. ઘણાએ મૌનદશાનું અવલંબન લીધું. બાકીના આંતરિક સંઘર્ષણમાં અથડાયા કુટાયા અને નબળા બન્યા. 'A house divided against itself falls down' અર્થાત્ 'ઘર ફુટયે ઘર જાય' જેવો ઘાટ થયો. આવી દારૂણ દશા અત્યારના આપણા સંઘોની છે. સમુદાય છતાં બળ નથી. સંખ્યા છતાં સામર્થ્ય નથી. આત્મા કેવીયે ગાઢ નિદ્રામાં સુંગાઇ પડયો છે.' આ દશા આવી પડવાથી બીજી ઘણા પ્રકારની હાનિ આપણને પહોંચી છે. અત્યારે એ જુના વાંધા વીંખવામાં લાભ નથી. ભુલ્યા ત્યાંથી સુધારવાનો માર્ગ ગ્રહણ કરવાની જરૂર છે. એ સાથે વર્તમાન પરિસ્થિતિ પર ધ્યાન પહોંચાડી, નવેસરથી અંકોડા મેળવી, વીસમી સદીને માફક આવે તેવું બંધારણ તૈયાર કરવાની વેળા સાંપડી ચુકી છે. પુરાણા કાળથી ચાલ્યા આવતા શેઠાઇ કે સંઘપતિના હકની વાતો પ્રત્યે હવે લક્ષ્ય નહીં આપી શકાય, તેમ જ્ઞાતિના કાયદાને સંઘની બાબતોમાં ઘુસાડવા નહીં પાલવે. ચુંટણીના ધોરણે પ્રમુખ સાથની કાર્યવાહક સમિતિ વાળું બંધારણ દરેક સ્થાને દાખલ કરી એનેજ સર્વોપરિ અધિકારત્વ અર્પવું જોઇશે. તેનું સામાન્ય રેખા દર્શન આ પ્રમાણે દોરી શકાય— (ચાલુ)

**લે. મોહનલાલ દીપચંદ ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુજનતા અને સુસ્વભાવ.

( લે૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ. )

રાજર્ષિ ભર્તૃહરીજીએ કહ્યું છે કે " **शीलं परं भूषणम्** " અર્થાત્ મનુષ્યનું શીલ અને સુસ્વભાવ અનેક બીજા ગુણો કરતાં શ્રેષ્ઠ ભૂષણ છે. એટલે કે બીજા ગુણોની અપેક્ષાએ સુજનતાનું મહત્વ ઘણું જ વધારે છે. જેવી રીતે કદ્રુપો મનુષ્ય પણ ઘરેણાં આદિ પહેરવાથી સુંદર દેખાવા લાગે છે તેજ રીતે અશિક્ષિત, નિર્ધન અથવા ખરાબ મનુષ્ય પણ સુજનતા અને સુસ્વભાવને લઇને સારો જણાય છે. જો સુંદર મનુષ્ય પણ મેલાં કપડાં પહેરીને આવે તો લોકો તેને પોતાની પાસે જલ્દી બેસાડવા ઇચ્છતા નથી, તેવી જ રીતે કોઇ મહાન વિદ્વાન અથવા ધનવાનનો સ્વભાવ પણ દુષ્ટ હોય તો લોકો તેની સંગતિથી બચવા ઇચ્છે છે. એટલે કે જે મનુષ્ય સભ્ય અને સજ્જન હોય છે તેની સંગતિ ઘણી જ પ્રિય અને સુખદાયક હોય છે અને સર્વ લોકો તેની સાથે હળતા મળતા રહેવાને ઉત્સુક રહે છે. સભ્યતાને લઇને મનુષ્ય શોભે છે એટલું જ નહિ પણ તેનાં કાર્યોની શોભા પણ ઘણીજ વધે છે. સદાચાર રૂપી સુવર્ણમાં સુજનતા સુગંધનું જ કામ આપે છે.

સંસારમાં લોકોનો જેટલો પરિચય તેઓના સુસ્વભાવ અને સુજનતાને લઇને થાય છે, તેટલો તેઓના ગુણો અને લાયકાતને લઇને નથી થતો. મનુષ્યની પરીક્ષા અને તેની લાયકાતનું માપ ઘણુંકરીને તેની સુજનતાને લઇને જ થાય છે અને સુજનતાથી જ તેની મહત્તા વધે છે. હકીકત એ છે કે સુજનતા વગર મનુષ્યના સારા સારા ગુણોનો નથી વિકાસ થતો, તેમજ સર્વ સાધારણ મનુષ્યોને તેનો યથેષ્ટ પરિચય થતો નથી. આપણને એવા અનેક ગુણવાન અને વિદ્વાન મનુષ્યો મળશે કે જેઓની દુર્દશા કેવળ સુજનતાના અભાવને લઇને જ થઇ હોય છે, અર્થાત મનુષ્યનું પોતાનું સુખ ઘણે અંશે તેના સુસ્વભાવ ઉપર નિર્ભર રહેલું છે. જે મનુષ્ય શાંત અને ધીર હોય છે, જે ક્ષમાશીલ તેમજ દયાળુ હોય છે, જે બીજાની સાથે સહાનુભૂતિ અને પ્રેમપૂર્વક વ્યવહાર કરે છે તેનાથી સર્વ લોકો પ્રસન્ન અને સંતુષ્ટ રહે છે અને તેને સુખી થવામાં અડચણ આવવાનો ઘણો થોડો સંભવ છે એ વાત સુસ્પષ્ટ છે.

ઘણું કરીને સુજનતાને જ લોકો સદાચારનું પ્રધાન ચિહ્ન માને છે અને વાસ્તવિક રીતે તેનાથી જ મનુષ્યના વિચાર, સંગતિ અને રૂચિ વિગેરે ઘણે અંશે જણાઇ આવે છે. જે લોકો બદમાશીને લીધે કુટનીતિથી ચાલીને સર્વપ્રિયતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કરવા માટે સુજનતાનો દેખાવ કરે છે તેઓનો ત્યાગ કરવો જોઇએ. પરંતુ સુશિક્ષણને લઇને મનુષ્યમાં જે સુજનતા આવે છે તે તેની યોગ્યતાની પરિચાયક બને છે. ખરેખરી સુજનતા સુશિક્ષણ વગર આવી શકતી નથી. જો સુશિક્ષણના અભાવને લઇને મનુષ્યનું મન યથાચિત સુધરેલું હોતું નથી તો તેને ઉઠવા બેસવામાં વિનય રાખવો આદિ નિયમોથી કશો લાભ થતો નથી. જ્યાં સુધી મનમાં કોમળતા, દયા, વિનય આદિ ગુણો નથી હોતા ત્યાં સુધી શરીરને સુગન્ધ વગરના પુષ્પ જેવું જ સમજવું. સાથોસાથ ખરેખરી સુજનતા માટે સાત્વિકતા, સત્યનિષ્ટા આદિ ગુણોની પણ પરમ આવશ્યતા રહેલી છે.

એક વિદ્વાનનું એવું મન્તવ્ય છે કે મનુષ્યનો વાસ્તવિક સ્વભાવ કેટલેક અંશે ગુપ્ત રહે છે. અર્થાત્ બહારના અને અંદરના ખરેખરા સ્વભાવમાં ઘણું અંતર હોય છે. એ વાત તો ઘણું કરીને સૌ જાણે છે કે કેટલાક અયોગ્ય કાર્યો એવા હોય છે કે જે ખુલ્લી રીતે કરવા કોઈ તૈયાર હોતું નથી, પરંતુ એવાં કાર્યો લોકો ગુપ્ત રીતે કરે છે એજ બતાવી આપે છે કે લોકોનો ખરેખરો સ્વભાવ કેટલેક અંશે ગુપ્ત હોય છે. પરંતુ સ્વભાવનું એ દોરંગીપણું એટલું બધું હાનિકારક નથી, કેમકે તેનાથી એટલું તો અવશ્ય સિદ્ધ થાય છે કે તે મનુષ્ય એ કામને અનુચિત અને નિંદનીય તો સમજે છે, પરંતુ કેટલાક કારણોને અંગે તે કામ તે કરે છે; એની અંદર વિવેકની એટલી બધી હત્યા નથી હોતી, કેમકે લોકો ખરાબ કાર્યોને હંમેશાં ખરાબ જ ગણે છે. પરંતુ જે લોકો કેવળ સર્વ પ્રિય બનવા માટે જ કુટનીતિનો વ્યવહાર કરે છે અને પોતાના હૃદયની મલિનતા છુપાવવા માટે જ દોરંગી વ્યવહાર કરે છે તેઓ પહેલાંની અપેક્ષાએ ઘણાજ દુષ્ટ, નીચ અને પાપી હોય છે. અનેક પ્રસંગે તેને પોતાના વિવેકની હત્યા કરવી પડે છે અને સત્યપર પડદો નાંખવો પડે છે, તેજ વધારે નિંદનીય છે.

જો કે સ્વભાવમાં ઘણે અંશે પરિવર્તન થઇ શકે છે અથવા પોતાને વશ પણ કરી શકાય છે. તોપણ તે કાર્ય ઘણુંજ કઠિન અને દુઃસાધ્ય છે એમાં સંદેહ નથી. કઠોર વ્યવહાર અથવા દંડ વિગેરેથી તો સ્વભાવ કદિ બદલી શકાતો જ નથી; યુક્તિથી જ બદલાય તો બદલાય. કદાચ વધારે બલ પ્રયોગ કરવાથી અથવા અત્યંત દાબ રાખવાથી સ્વાભાવિક ગુણ થોડો સમય રોકાઇ જાય, પરંતુ તેના ઉપરથી દાબ લઇ લેવામાં આવે છે કે તરતજ તે પોતાનું પૂર્વ સ્વરૂપ ધારણ કરી લે છે. વળી ઘણે ભાગે તો એ પણ સંભવિત છે કે દાબ લઇ લેતાં તેનું જોર પહેલાં કરતાં વધી પણ જાય. બાલ્યાવસ્થામાં સારા સારા લોકોની દેખરેખ નીચે રહેનાર અમીરો અને રાજાઓના દુર્ગુણી બાળકો સ્વતંત્ર થતાં જે ખરાબીઓ કરે છે તે પર ધ્યાન આપવાથી ઉપરોક્ત કથનની સત્યતા સાબીત થશે. બરાબર સમજાવવાથી, વાદવિવાદ કરવાથી થોડો ઘણો પ્રભાવ પડે છે, પરંતુ તે ચિરસ્થાયી નથી હોતો. તેટલા માટે હમેશાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસ અને સારી સંગતિની જરૂર છે. સ્વભાવનો સુધારો ધીમે ધીમે અને નિરંતર કરતા રહેવો જોઇએ. જે મનુષ્ય હમેશાં પુષ્કળ દારૂ પીતો હોય તે મનુષ્યે દારૂની ટેવ છોડવા માટે હમેશાં થોડો થોડો ઓછો પીવાનો પ્રયત્ન કરવો જોઇએ. એકદમ બંધ કરવાથી તેની ટેવ છોડાવવાનો પ્રયત્ન ઘણે ભાગે વ્યર્થ નીવડે છે. તે ઉપરાંત જે લોકો પોતાના વર્તમાન દુષ્ટ સ્વભાવને બદલવા ઈચ્છતા હોય છે તેઓએ તેનાથી વિરૂદ્ધ સુસ્વભાવમાં પ્રવૃત્ત બનવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રયત્ન કરતાં કરતાં વચમાં થોડો વિશ્રામ પણ લેવો જોઇએ. એમ કરવાથી ત્રણ લાભ થાય છે. એક તો એકે થાક નથી લાગતો; બીજો એ છે કે વિશ્રામ લીધા પછી જે પરિશ્રમ કરવામાં આવે છે તે ઉદ્દેશ સિદ્ધિને માટે અત્યંત લાભદાયક થાય છે અને ત્રીજો લાભ એ છે કે ઉતાવળને લઇને જે ભૂલો થવાનો સંભવ હોય છે તે નથી થતી. ઘણે ભાગે ભૂલોને લઈને જ માર્ગમાં અનેક અડચણો ઉભી થાય છે અને કાર્યસિદ્ધિ નથી થતી. અડચણો દૂર કરવા માટે વિચાર કરવાની આવશ્યકતા રહેલી છે. જ્યાંસુધી ચિત્તમાં સ્થિરતા નથી હોતી ત્યાંસુધી વિચાર કરી શકાતા નથી, અને વિશ્રામ વગર મનની સ્થિરતા અસંભવિત છે.

એક વખત આપણો દુષ્ટ સ્વભાવ બદલાઇ જાય તો પણ આપણે આપણા સારા સ્વભાવ ઉપર વધારે વિશ્વાસ રાખવો ન જોઇએ, તેમજ સ્વભાવની દુષ્ટતા તરફ બેદરકાર ન બનવું જોઇએ. પુરાણો વિગેરે અનેક કથાઓથી આપણને પ્રતીત થાય છે કે જે રૂષિ મુનિઓ સંસારના સર્વ સુખો તજીને વર્ષો સુધી જંગલોમાં નિવાસ કરતા હતા તેઓ પણ પ્રસંગ આવતા વિચલિત બની ગયા હતા અને તેઓની પ્રવૃાત બદલાઇ ગઇ હતી. એવા પ્રકારના દ્રષ્ટાંતો સંસારમાં પણ હમેશાં જોવામાં આવેછે. એટલા માટે સ્વભાવની સ્થિરતાનો કદિપણ વિશ્વાસ ન કરવો જોઈએ. પરંતુ બને ત્યાં સુધી તેને આપણા કબજામાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્વભાવના દોષોથી બચવાના બે જ ઉપાય શકય છે. જે જે દુષ્ટ પદાર્થો અથવા બાબતોથી આપણે બચવા ઇચ્છતા હોઇએ તે વસ્તુઓ તરફ આપણાં ચિત્તને એટલું બધું સુદ્રઢ રાખવું કે આપણા ઉપર તેનો જરા પણ પ્રભાવ પડવા ન પામે. અને એ રીતે એમાં ફસાવાની સંભાવનાનો નાશ કરી દેવો. અથવા આજન્મ એવો અવસરજ ન આવવા દેવો કે જેમાં એ દુષ્ટ બાબતો અથવા પદાર્થો આપણી સામે આવે. એમાંનો પ્રથમ ઉપાય અત્યંત કઠિન અને દુઃસાધ્ય છે તથા બીજો ઉપાય સહજ અને સંભવિત છે. લોકોનો મોટો ભાગ ઘણે ભાગે એ બીજા માર્ગનુંજ અવલંબન કરે છે અને એજ ઉચિત છે.

મનુષ્યનો ખરો સ્વભાવ એકાન્તમાંજ અથવા એવી પરિસ્થિતિમાં જ જણાય છે કે જેમાં વિરોધ કરવાની અને મુશ્કેલીઓ ઉભી કરવાની શક્તિ જ નથી. જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી કોઇપણ મનુષ્યને ખજાનો સોંપવામાં આવતો નથી ત્યાં સુધી તે ચોર છે કે નહિ તેનું શું પ્રમાણ મળી શકે ? અથવા જે સ્થિતિમાં સ્ત્રીનું દર્શન નથી થઇ શકતું તે સ્થિતિમાં પોતે વ્યભિચારી છે કે નહિ એનું કોઇપણ માણસ શું પ્રમાણ આપી શકે ? હા પોતાને ખજાનો સોંપાયા પછી અથવા એકાન્તમાં કોઇ સુંદરી જોયા પછી જે મનુષ્ય ધન અથવા સ્ત્રીની લાલચથી દુર રહી શકે છે તેજ ખરેખરો સાધુ પુરૂષ છે. એ રીતે વિકટ પ્રસંગે પણ જે ધીરજ ન ખોઇ બેસે, ઘણું મોટું નુકશાન થવા છતાં પણ જેને ક્રોધ ન થાય તેમજ પોતાના કટ્ટા શત્રુ પ્રત્યે પણ જે દયા દાખવી શકે તેજ સાચો સજ્જન છે. ઘણા લોકોના સદાચાર અથવા સુજનતાનો વ્યવહાર લોકલજ્જાને લઇને જ હોય છે, ખરેખરા હૃદયપૂર્વકનો નથી હોતો. સુવિખ્યાત વિદ્વાન સેનિકાનો એવો મત છે કે સાચું સદાચારણ તો એજ છે કે જેમાં મનુષ્ય, ઈશ્વર અને શાસક તરફથી દંડનો ભય ન હોય છતાં પણ પાપ કર્મ કરતો નથી. મનુષ્યનો ખરેખરો સ્વભાવ તેના એજ સમયના આચરણથી જાણી શકાય છે કે જે વખતે તેની સિવાય બીજું કોઇ હાજર હોતું નથી. એટલા માટે જે લોકો ખરેખરા સજ્જન બનવા ઇચ્છતા હોય તેઓએ હમેશાં સઘળી સ્થિતિમાં પોતાના સ્વભાવ તથા આચરણ સાત્વિક અને યોગ્ય રાખવાનું લક્ષમાં રાખવું જોઇએ.

ચાલુ—

# મુલાકાત અને ધર્મ સંવાદ.—૧

રા. રા. સુપ્રસિદ્ધ ક્રોનીકલ દૈનીક પત્રના પ્રોપ્રાયટર શ્રીમાન્ શેઠ લખમશી રવજી તેરશી શ્રી જૈન ગુરૂકુળ પાલીતાણાની મુલાકાતે પધાર્યા હતા તે દરમ્યાન તેઓએ જૈન ધર્મ સંબંધી કેટલાક પ્રશ્નો અમારા સુપ્રી–સાહેબને પૂછ્યા હતા. જે ઉપયોગી ધારી તેમાંથી કેટલુંક અવતરણ કરૂં છું.

**પ્રશ્ન ૧ લો**—જેમ સાગરમાંથી નદી વહે છે તેમ તમારો જૈન ધર્મ કોઇ ધર્મમાંથી નીકળેલો છે કે કેમ ?

**જવાબ**—અમારો ધર્મ કોઇ ધર્મમાંથી નીકળેલો નથી તેમ કોઇ ધર્મનો ફાંટો પણ નથી, તે અનાદિકાળથી ચાલતો આવેલો સ્વતંત્ર અને પ્રાચીન ધર્મ છે અને તે પ્રોફેસર સર હર્બર્ટ જેકોબી જેવાએ કબુલ પણ કરેલું છે. અમો સર્વજ્ઞ પ્રભુ તરીકે ગત ચોવિશીમાં ચોવીશ તીર્થંકરો થયા છે જેનું અમે સ્તવન પૂજન કરીએ છીએ જેમાંના આદ્યતીર્થંકર શ્રી રૂષભદેવ સ્વામી છે કે જેમણે યુગની શરૂઆતમાં યુગલીઆને પુરૂષની બ્હોતેર કળા અને સ્ત્રીઓની ચોસઠ-કળાનું જ્ઞાન આપ્યું તેમજ અઢાર લીપી (ભાષા) શીખવી કલાકૌશલ્ય વિજ્ઞાન ભાષાદિનું જ્ઞાન આપી સૃષ્ટિનો ઉદ્ધાર કર્યો તે આદ્ય તીર્થંકર શ્રી રૂષભદેવ સંબંધી આખ્યાન વેદ તેમજ પુરાણોમાં પણ દષ્ટિગમ્ય છે. તે મહાન પ્રભુના ભરતાદિ પુત્રોના સમયથી વેદાદિ ધર્મની સ્થાપના થઇ એવું જૈન ઐતિહાસિક દષ્ટિએ માલમ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૨ જો**—જેવા તમારા ચોવીશ તીર્થંકરો છે તેવા ક્રાઇષ્ટને પણ ગણવા કે નહિ ?

**જવાબ**—તીર્થંકરો સર્વજ્ઞ અને ત્રીકાળદર્શી હતા. ક્રાઇષ્ટ સર્વજ્ઞ ને ત્રીકાળદર્શી હતા, એવું કોઇ બાઇબલ વિગેરેમાંથી પણ માલુમ પડતું નથી બાકી જન સમાજની દ્રષ્ટિએ તેઓ એક મહાન્ પુરૂષ તરીકે ગણી શકાય.

**પ્રશ્ન ૩ જો**—માત્ર ચોવીશ તીર્થંકર કેમ અને વધારે નહિ અને તેમાં વધારો થવાનો કે નહિ ?

**જવાબ**—આ દુનીયાના અનાદિ કાળથી ચાલી આવેલી છે અને એમાં તર્થંકરની ઘણી ચોવીશી થઇ અને થશે બાકી આ ક્ષેત્ર અને કાળ આશ્રયથી અમારા સિદ્ધાંત પ્રમાણે યુગ પુરો થાય નહિં ત્યાં સુધી તીર્થંકર થઇ શકે નહિ એવું શાસ્ત્ર પ્રમાણ છે અમુક યુગમાં અસાધારણ પૂણ્યશાળી માત્ર ચોવીશ તિર્થંકરો થાય એ કુદરતના અચળ નીયમો છે, જેવા કે સૂર્ય દિવસેજ ઉગે. ચંદ્રમા રાતેજ ઉગે. આ સૃષ્ટિમાં આપણે ઘણા જોઇએ છીએ તે જેમાં મનુષ્ય દષ્ટિ કે દેવશકિત કોઇપણ જાતના ફેરફાર કરવાને શક્તિમાન નથી.

**પ્રશ્ન ૪ થો**—ઇશ્વરે જગત બનાવ્યું તે તમે માનો છો ?

**જવાબ**—જગત અનાદિકાળથી ચાલતું આવે છે તેને કોઇએ રચ્યું ( બનાવ્યું ) એવું જૈન દ્રષ્ટિ માનતી નથી. જેઓએ સર્વ કર્મને દહન કરી માયાનું નાર્મૂલ કરી આ માયાવી જગતનો ત્યાગ કરી પરમાત્મ પદને પ્રાપ્ત કરેલું હોય છે તેઓને પછી આ સંસાર સાથે કશો સંબંધ હોતો નથી અને મોક્ષપદને પ્રાપ્ત કર્યા પછી તેવો સંબંધ ગણાવવો કે તેની રચના કરે છે તેમ કહેવું તે પણ અજ્ઞાનતા ભરેલું છે. જેઓ સર્વજ્ઞ છે અને જેઓએ ધ્યાનરૂપિ અગ્નિથી કર્મરૂપી ઇન્ધને નિર્મૂલન કરેલાં હોય છે, અને પરમાત્મપદ પ્રાપ્ત કરેલુ હોય છે તેમનો અમે પ્રભુ તરીક સ્વીકાર કરીએ છીએ અને તેમનેજ પ્રભુ તરીકે કહીએ છીએ. કર્મ, માયા, પ્રકૃતિ, પરમાણુ, એ બધા સમાન વાચક પર્યાયો છે તેથી આત્માની સાથે અનાદિકાળથી સુવર્ણ જેમ રેતમાં ભળેલું છે તેમ જોડાએલા છે અને સોનું જેમ ભઠ્ઠીમાં સાફ થાય છે તેમ જીવાત્માઓ પણ ધર્મધ્યાન, શુક્લ ધ્યાન ધ્યાવી તપશ્ચર્યા કરી કૈવલ્ય અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારેજ તે આ સૃષ્ટિમાંથી છેવટની મુક્તિ મેલવે છે પછી તેમને જન્મ જરા મરણ આદિ કોઇપણ જાતના બંધનો આ જન્મના (સંસારના) હોતા નથી. માયાવી જગતની રચના કરવી એ કર્મ સૃષ્ટિનું પરિણામ છે પરન્તુ જ્યાં કર્મનો સર્વથા અભાવ હોય ત્યાં વંધ્યાપુત્ર પેઠે સૃષ્ટિનો કર્તા પરમાત્મા કેવી રીતે કહી શકાય ?

**પ્રશ્ન ૫ મો**—અન્ય ધર્મવાળાઓ તમારા ધર્મનો સ્વીકાર કરી શકે કે નહિ ?

**જવાબ**—જેઓ અમારા સિદ્ધાંતોને માન આપતા હોય અને જેઓને અંગીકાર કરવાની ઇચ્છા હોય તે સર્વ અંગીકાર કરી શકે છે અને જૈની થઇ શકે છે; તે વિશ્વ વ્યાપક ધર્મ-( વિશ્વ ધર્મ ) છે, હરીબળ મચ્છી નામના એક મચ્છીમાર હતા પરન્તુ તેના ઉદયે જૈન ધર્મ આવવાથી તેમણે જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી.

અમારી આ સંસ્થાના ઉદ્ધારક જેમને આપ આપની સામે ફોટામાં જુઓ છો તે સદ્ગત યોગ નીષ્ઠ શ્રીમાન્ બુદ્ધિસાગરસૂરિ પણ સંસારી અવસ્થામાં પાટીદાર કોમના હતા છતાં અમારા ધર્મની જૈની દીક્ષા અંગીકાર કરી હતી. અમારો ધર્મ કોઇ પણ પાળી શકે તેમ છુટ છે. તેમ જૈનોમાં મુક્તિનો માર્ગ રજીષ્ટર પણ નથી ચાહે તો શ્વેતાંમ્બર હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીગમ્બર હોય, અથવા કોઇ પણ અન્ય લીંગી હોય પરન્તુ જેઓ સમભાવને ધારણ કરનારા છે અષ્ટકર્મનો નાશ કરનારા તેઓ ભગવાન થઇ શકે છે એવું જૈન સિદ્ધાંત પ્રતિપાદન કરે છે.

જૈનોનો સ્યાદ્વાદ સિદ્ધાંત એવો છે કે તે સિદ્ધાંતનું દરેક ધર્મ વાળાનો યથાર્થ પ્રતિપાદન કરેતો અત્યારે જે પરસ્પર ધર્મના અંગે ઝઘડા યા કલેશોનું કારણુ નિર્મૂલન થઇ શકે તેવું છે.

ઉપસંહારમાં તેઓ સાહેબે જણાવ્યું કે તમારા ધર્મની ઘણી વિશાળતા છે અને સિદ્ધાંતોનું રહસ્ય પણ ઉચ્ચકોટીનું છે તે હું જાણું છું મને તે માટે માન છે. આ પ્રકારે કેટલીક વાતચીત થઇ હતી જેમાંનો ટુંક ઉલ્લેખ આ સ્થળે કર્યો છે.

| | |
|---|---|
| શ્રી યશોવિજય જૈન ગુરૂકુળ<br>પાલીતાણા | શંકરલાલ ડાહ્યાભાઇ—સુપરીન્ટેન્ડેન્ટ.<br>કસ્તુરચંદ હેમચંદ દેસાઇ—ધાર્મિક-અ. |

## વર્તમાન સમાચાર.

### બીજાપુરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા મહોત્સવ તથા દ. મ. જૈન પ્રાંતિક પરિષદ્ જૈન સ્વયંસેવક પરિષદ્ તથા મહિલા પરિષદ.

ઘણા વખતથી દક્ષીણ મહારાષ્ટ્ર દેશમાં અનેક સ્થળે વિહાર અને ચાતુર્માસ કરી, જૈન અને જૈનેતર ત્યાંની પ્રજાને વિવિધ ઉપદેશદ્વારા મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજ અનેક ઉપકાર કરી રહ્યા છે હાલમાં બીજાપુર ( ઇતિહાસ પ્રાચીન ) શહેરમાં પધારતાં, ત્યાંના શ્રી સંઘના અતિ આગ્રહથી નવા તૈયાર થયેલા જિનાલયમાં પ્રતિષ્ઠા સાથે સંમેલનોના મહારાષ્ટ્રીય માંગલિક પ્રસંગો હોવાથી બિરાજમાન થયા છે.

૧ પ્રથમ આ માસની મહા શુદ. ૧–૨–૩ ત્રણ દિવસ સુધી આ શહેરમાં પરિષદો નીચે પ્રમાણે થઇ:હતી.

ગત મહા શુ. ૧–૨–૩ ત્રણ દિવસ સુધી બીજાપુર ( દક્ષીણ મહારાષ્ટ્ર ) માં શેફર્ડ હોલમાં આ કોન્સફરન્સની પાંચમી બેઠક મળી. સંમેલનનું અધ્યક્ષપદ મુનિ મહારાજ શ્રી રાજવિજયજી મહારાજ શ્રી ને અપાયું. સ્વાગતાધ્યક્ષનું માન શેઠ ચુનીલાલ પન્નાલાલને અપાયું. બન્નેના ભાષણો મહારાષ્ટ્રીય જૈન સમાજના કારકીર્દિ, પુનીત પાવન શ્રી શત્રુંજય આદિ તિર્થોની અવદશાના બયાન, જૈનોની ઘટતી જતી સંખ્યા, સંઘ રચના અને સંગઠન, દાનક્ષેત્રોનો જરૂરી માર્ગ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના આદર્શ અને ભાવનાના સુયોગ્ય વિવેચનોથી શોભતા હતા. લગ્નાદિક કુરૂઢીઓ. અંધશ્રદ્ધા અને અને અજ્ઞાનતાના બંધનોમાં આપણો સમાજ કેવી કરૂણાજનક સ્થિતિ ભોગવી રહ્યો છે તેનો આછો ખ્યાલ પણ ભાષણમાંથી તરી આવતો હતો.

ત્રણે દિવસના કાર્યક્રમ વિવિધ વિવેચનો અને નિર્ણયોમાં રોકયો હતો. રા. પોપટલાલ રામચંદ શાહ, રા. શિવજી દેવશી, યતિ શ્રી હીરાચંદ, શેઠ ચતુરભાઇ પીતામ્બરદાસ આદિએ શ્રી શત્રુંજય પ્રકરણ, સામાજીક બંધનો, જૈન ધર્મની વિશાળત્તા, ધાર્મિક શિક્ષણ પ્રચાર અહિંસાનો આદર્શ–આદિ પ્રકિર્ણ વિષયો ઉપર વિવિધ દ્રષ્ટિ બિન્દુએ પ્રકાશ પાડયો હતો. છેલ્લા દિવસે કેટલાક જૈનેતરોને જૈનધર્મની દીક્ષા આપવામાં આવી હતી. આ પ્રસંગ આનંદ અને ઉત્સામય હતો.

કોન્ફરરન્સ નિર્ણય જોતાં ઠરાવોની લાંબી હારમાળા ઘડવામાં આવી નથી છતાં દરેકને વ્યવહારૂ સ્વરૂપ આપવા માટે જરૂરી પ્રયાસની ન્યુનતા ભાસતી હતી. પ્રથમ શત્રુંજયનો ઠરાવ લેવામાં આવતાં અમાનુષી મુંડકા વેરાને વખોડી કાઢી આ પ્રશ્નને અંગે ના. વાયસરોય ઉપર જે અપીલ કરવામાં આવી છે તેનો સંતોષકારક નીકાલ લાવવા વિનંતી કરવામાં આવી ( ૨ ) મહારાષ્ટ્રીઓએ ગુજરાતી ભાષામાં વ્યવહાર રાખવાનો, ( ૩ ) ધાર્મિક શિક્ષણમાં સુધારો કરી તેનો પ્રચાર કરવાનો, ( ૪ ) સાંગલીની શ્વેતામ્બર જૈન બોર્ડીંગના રીપોર્ટની મજુંરીનો ( ૫ ) બાહુબલી ક્ષેત્રની વ્યવસ્થાનો ( ૬ ) જર્મન શ્રાવિકા સુભદ્રા દેવી (મીસ ક્રાઉઝે) તથા લક્ષમણુ રઘુનાથ ભીડે જૈન ધર્મનો અભ્યાસ કરી તેનો પ્રચાર કરવા પરિશ્રમ સેવી રહ્યા છે તેમને અભિનંદનનો ( ૭ ) જૈન ધર્મના પ્રત્યેક સંપ્રદાયોમાં સંપ કરવાનો ( ૮ ) બાળલગ્ન, વૃદ્ધવિવાહ આદિ કુરૂઢીઓ નાબુદ કરવાનો ( ૯ ) જૈનપત્ર ( ભાવનગર ) ની સીલ્લવર જયુબીલી માટે સહાનુભુતિ દર્શાવી અભિનંદન આપતો ( ૧૦ ) મ્હૈસુર, કોલ્હાપુર, સાંગલી અને ફલટણના નરેશોએ અહિંસા તત્વના પ્રચારાર્થે આપેલ મદદ બદલ અભિનંદનનો એમ દસ ઠરાવો થયા. આ ઠરાવોને વ્યવહારૂ સ્વરૂપ આપી પૂર્વની સંસ્કૃતિને મહારાષ્ટ્ર સચેત કરે એમ ઇચ્છીશું.

## મહિલા પરિષદ.

મહારાષ્ટ્રીય પરિષદની માફક જૈન મહિલા પરિષદનું પાંચમું અધિવેશન "શેફર્ડ હોલ" માં જ તા. ૨૫ મીએ બારામતીવાળા ગં. સ્વ. ભીખાભાઇ ધરમચંદ દેવચંદના અધ્યક્ષપણા નીચે મળ્યું હતું. સ્વાગતાધ્યક્ષ સૌ. સોનુબાઇ હીરાચંદ તથા પ્રમુખના ભાષણ, સ્ત્રી સમાજ આધુનીક અવદશાના બ્યાન, કેળવણીનો આદર્શ અને સ્ત્રી સમાજની ઉન્નતિના માર્ગો ઉપર સારો પ્રકાશ પડયો. આર્થીક દીનતા અને વ્યવહારીક અસહ્ય દબાણ વચ્ચે વિધવાઓ કેવું અસહ્ય જીવન ગુજારે છે તેનો ખ્યાલ પણ ભાષણોમાં હતો. અન્યવકતાઓના વિવેચનો પણ અસરકારક હતા. યાત્રા ત્યાગ, સ્ત્રી સમાજની ઉન્નતિ માટે વ્યવહારિક તથા ધાર્મિક કેળવણીના પ્રચારની અગત્યતા, બાળલગ્નાદિ રીવાજો નાબુદ કરવાની, જર્મન શ્રાવિકા મીસ ક્રૌઝેને અભિનંદન આપતાં તથા સમાજ ઉન્નતિનો એમ આઠ ઠરાવ થયા. શિવજીભાઇ. પોપટલાલભાઇ અદિના પ્રાસંગીક વિવેચનો અસરકારક નીવડયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્વયંસેવક કોન્ફરન્સ.**

શ્રીદક્ષિણ મહારાષ્ટ્ર જૈન સ્વયંસેવક પરિષદનું બીજું અધિવેશન પણ સાથોસાથ તા. ૨૪ મીએ 'શેફર્ડ હોલ' માંજ મળ્યું હતું. પ્રારંભમાં સ્વાગતાધ્યક્ષ શેઠ હીરાચંદ કુબેરચંદે સૌનો સત્કાર કરી સ્વર્ય સેવાના આદર્શની આછી રૂપરેખા રજુ કરી. પ્રમુખસ્થાનેથી રા. શિવજી દેવસીંહે આપેલ માન માટે આભાર માની સ્વયંસેવાનું વ્યાખ્યા કરતાં જણાવ્યું કેઃ–સેવક થવામાં જીવનની જે મજાઓ છે તે અન્ય કાર્યોમાં બનતી નથી. સ્વામિ તરીકે નહિ પરંતુ સેવક તરીકે જ સત્ય સેવા બજાવી શકાય. સેવાના માર્ગો કંટકથી ભરપુર હોય છે. સેવા ધર્મ સ્વીકાર્યા પછી સેવક પોતાના મટી પરનાજ થવું જોઇએ. કાયાના જતન સેવકને ન પાલવે. ક્ષમા નમ્રતા, સરળતા અને સરલતા વિના સેવા ન બજાવી શકાય. સેવા ધર્મના એ મુખ્ય ગુણો છે સેવામાં હમેશાં ભોગ રહેલો છે.

પુના, નિપાણી, સાંગલી, જુન્નેર. હુબલી આદિ ગામોમાંથી યુવકોએ સારી હાજરી આપી અધિવેશનને સફળ કરવા સારો ભાગ લીધો, ઠરાવોના સમર્થનમાં બોલતાં જુદા જુદા વકતાઓએ પણ સારા વિવેચનો કર્યા હતા.

ઠરાવો કરવા કરતાં સક્રિય કાર્ય કરવા તરફ ખાસ લક્ષ રાખવામાં આવ્યું હોવાથી માત્ર ચાર નિર્ણયો કરવામાં આવ્યા. (૧) એક ધાર્મિક કેસ ગણીને ના. વાયસરોય શત્રુંજયની અપીલનો સત્વર આશા જનક ફેસલો આપે તે બાબત વિનંતી કરતો (૨) મહાષ્ટ્રના શકય સ્થળોએ સ્વયંસેવક મંડળોની સ્થાપના કરવાનો (૩) ફીરકાભેદ રાખ્યા સિવાય સર્વ સંપ્રદાય એકજ સૂરથી શાસન સેવા કરે તેવી વિનંતી કરતો અને (૪) મીસ ક્રૌઝે, શેઠ ચતુરભાઇ રા. ભીડે, સેવા સમિતી આદિને અભિનંદન આપતો. ઉપસંહાર કરતાં ઠરાવો એ માત્ર શબ્દ ચિત્રોજ નહિ પરંતુ સક્રિય વસ્તુ માની મહારાષ્ટ્રમાં આવતા અધિવેશન દરમિયાન જરૂરી ક્ષેત્રોએ સ્વયંસેવક મંડળો સ્થપાય અને ત્રણે ફીરકાઓ સંપથી સંગીન રીતે જોડાય એમ જોવા સૌને વિનવવામાં આવેલ.

ત્યારબાદ મહા શુદ ૫ ને શુકરવારે નવા બંધાવેલા જિનાલયમાં **મુનિરાજ શ્રી રાજવિજયજી મહારાજ**ના અધ્યક્ષપણા નીચે અને મુબારક હસ્તે પ્રતિષ્ઠા થઇ હતી. અઠ્ઠાઇ મહોત્સવ, સ્વામીવાત્સલ્ય વગેરે અપૂર્વ મહોત્સવ થયા હતા. ગુજરાત–કાઠીયાવાડ, મહારાષ્ટ્ર વગેરેમાંથી આ પ્રસંગે ઘણાજૈન બંધુ તથા બહેનોએ હાજરી આપી હતી અને એ રીતે મહોત્સવો પરિપૂર્ણ થયા હતા.

## મુલાકાત.

હેમ્બર્ગ—જર્મની યુનીવરસીટીના વિદ્વાન અધ્યાપક ડૅા૦ **સુબ્રીંગ** તા. ૧૫–૧–૨૮ પોશ વદી ૮ ના રોજ આ સભાના આમંત્રણથી આ સભાની વીઝીટ કરવા આવ્યા હતા. કેટલાક સભાસદો અને અન્ય ગૃહસ્થોની પણ હાજરી હતી. સભાની લાઇબ્રેરી તથા વ્યવસ્થા, સાહિત્ય પ્રકાશન ખાતું, હસ્તલીખીત પ્રતો વગેરે જોઇ ઘણાજ ખુશી થયા હતા. પ્રાચીન સાહિત્ય પ્રગટ કરવા માટે સભાને ધન્યવાદ આપ્યો હતો. કેટલાક ગ્રંથો સભા તરફથી ભેટ આપવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જર્મન વિદુષી–મીસ ક્રાઉઝ–શ્રીમતી સુભદ્રાદેવી.

જૈન શાસ્ત્રો અને તેના તત્ત્વ જ્ઞાનનો અનુભવ મેળવવા, તથા બની શકે તેટલો વૈરાગ્ય માર્ગ ગ્રહણ કરવા હિંદુસ્તાનમાં થોડા સમયથી આવી વસેલાં જર્મન વિદુષી મીસ ક્રાઉઝ ગુજરાત કાઠીયાવાડના પ્રવાસે નીકળ્યા છે, તેમના તે પ્રવાસ વર્ણનો વાંચતા તેમની ધર્મ-જિજ્ઞાસા અને શાસન રૂચિનો પરિચય વાચક મળી ગયેલ હશે. તેઓ શ્રીમંતના પુત્રી અને લીપઝીક ( જર્મની ) યુનીવરસીટીના સંસ્કૃતના અધ્યાપિકા છે. દશ વર્ષથી જૈન ધર્મના રહસ્ય સમજવા તેઓ અનેક પ્રયત્નો કરે છે. શિવપુરીમાં આવ્યા પછી અને શ્રીમાન વિજયેન્દ્રસૂરી મહારાજ તથા પંન્યાસજી શ્રી વિદ્યાવિજયજી મહારાજના સેવામાં રહી તેઓએ સાદાઇ સરળતા, અને આઠ વ્રત અંગીકાર કરી શ્રાવિકાવત કેટલેક અંશે ગ્રહણ કર્યું છે તેમનું ત્યાગજીવન ધર્મપ્રેમ અને સાદાઈ દરેકને ચકિત કરે છે. હાલમાં તેઓ ભાવનગરમાં પધાર્યા છે બીજી સંસ્થાની જેમ આ સભાના આમંત્રણથી તેઓશ્રી તા. ૧–૨–૧૯૨૮ ના રોજ આ સભામાં મહેરબાન સુન્નાવાળા સાહેબ ( માજીસ્ટ્રેટ સાહેબ ) કે જેઓશ્રી કોઇપણ ધર્મના તત્ત્વજ્ઞાન જાણવાના જિજ્ઞાસુ અને જૈન દર્શનને ઉદારતાથી નિરિક્ષણ કરનાર પણ સાથે પધાર્યા હતા. સભાસદો ઉપર આ શહેરના નગરશેઠ પ્રભુદાસભાઇ ભગવાનદાસ અને અન્ય જૈન સંભાવીત ગૃહસ્થોની પણ તે વખતે હાજરી હતી. સભાની લાઇબ્રેરી સાહિત્ય પ્રકાશન ખાતું, હસ્તલીખીત પ્રતો, સભાએ પ્રગટ કરેલ વિવિધ સાહિત્યના સંસ્કૃત પ્રાકૃત ગુજરાતી શુમારે દોઢસો ગ્રંથો વગેરેનું મનનપૂર્વક નિરીક્ષણ પોણા બે કલાકની હાજરીથી કર્યું હતું. વ્યવસ્થા, સાહિત્ય સેવા, લાઇબ્રેરીની યોજના, જ્ઞાનભંડાર જોતાં અપૂર્વ આનંદ તેઓશ્રીને થયો હતો અને સભાને તેમના દરેક કાર્યો માટે ધન્યવાદ આપ્યો હતો. સભાએ છેવટે તેઓશ્રી તથા આવેલા ગૃહસ્થોનો સત્કાર કર્યો હતો. કેટલાક ગ્રંથો પ્રથમ ભેટ આપવામાં આવેલ છે. હજી અત્રે રહેવાના હોવાથી જાહેર ભાષણો વગેરે પણ આપવાની હીલચાલ શરૂ છે કે જે માનને માટે તેઓશ્રી ખરેખર લાયક છે.

## આત્માનંદ જૈન ગુરૂકુળનો દ્વિતીય વાર્ષિક ઉત્સવ.

ગુજરાનવાલા(પંજાબ) માં આવેલ આ ગુરૂકુળનો દ્વિ. વા. ઉત્સવ ગત્ તા. ૨૭–૧૨–૨૭ મીએ સમાધિ મંદિરમાં ઉજવાયો. પ્રથમ દિવસે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનો સંદેશ વંચાયા બાદ, બાબુશ્રી દયાલચંદજીએ પ્રમુખ સ્થાનેથી ગુરૂકુળનો ઉત્પત્તિ ઇતિહાસ, તેનો આદર્શ અને આચાર્યશ્રીની ભાવના ઉપર ભાષણ કર્યું. બાદ પં. રામનારાયણનું ‘ શિક્ષા ’ વિષય ઉપર ભાષણ થયા પછી કાર્ય સમાપ્ત થયું. બીજા દિવસે ગુરૂકુળનો રિપોર્ટ હિસાબ અને બંધારણ રજુ થતાં મંજુર કરવામાં આવ્યું. બાદ ગુરૂકુળના મકાન માટે પંજાબ સંઘ જેટલા રૂપીઆ આપે તેટલાજ રૂપીઆ આપવા માટે વચન આપતો એક ગૃહસ્થનો આવેલ પત્ર સહર્ષે વાંચવામાં આવ્યો. તેનું નામ અપ્રગટ રાખવાની સુચના હોવાથી ગુપ્ત રાખવામાં આવેલ. ત્રીજે દિવસે પંજાબ સંઘના પ્રાતાનધિત્વ માટે ચર્ચા થઇ, ૧૯૨૮ નું બજેટ મંજુર કરવામાં આવતા ૯૦ વિદ્યાર્થીઓને રાખવાનો નિર્ણય થયો. બેઠકમાં સઘળો સમય પ્રતિનિધિત્વની ચર્ચામાંજ ગયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથે દિવસે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિનો સહાનુભૂતિનો પત્ર-સંદેશ વંચાયો. ગુરૂકુળના મકાન માટે ફંડ શરૂ કર્યું. બાદ વ્યવસ્થાપકે ગુરૂકુળનો પરિચય આપતા નિયામકે જણાવ્યું કે "આ ગુરૂકુળમાં માત્ર જૈનો જ નહિ પરંતુ જૈનેતરોને પણ સ્થાન અપાય છે. અને તે પંજાબની જ નહિ પણ અખીલ હિંદના છે. વ્યવહારિક, ધાર્મિક, ઉદ્યોગિક, શારિરીક અને બીજા જરૂરી વિષયોનું અહીં શિક્ષણ આપવામાં આવે છે. ટુંક સમયમાં જૈન સમાજનાં એ વિદ્યાપીઠ બની રહે એવી અમારી ઉમદ છે." બાદ મહેમાનોનો આભાર માની મહોત્સવ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુરૂકુળને લગભગ રૂા ૪૦૦૦ નું પરચુરણ દાન મળ્યું હતું.

## અભિવંદન.

શેઠ શ્રી પુનમચંદ કરમચંદ કોટાવાળાની ઉદાર સખાવતો અને ધાર્મિક કાર્યોથી જૈનપ્રજા જાણીતી છે. જૈન સમાજ જાણીને વધુ ખુશી થશે કે, ના૦ સરકારે શેઠશ્રીને રાવબહાદુરનો ઇલ્કાબ આપી જૈન સમાજના એક ઉદાર અને પ્રતિષ્ઠીત પુરૂષની યોગ્ય કદર કરી છે. નામદાર ગાયકવાડ સરકારે તો કેટલા વર્ષથી તેમને રાવબહાદુરના નામથી નિવાજ્યા હતા. સખાવતી કર્તવ્યપ્રેમી ગૃહસ્થની કદર ના૦ સરકારે કરી તે માટે અમો પણ શેઠ કોટાવાળાને મુબારક બાદી આપીએ છીએ અને આથી અધિક પદવી મેળવવા ભાગ્યશાળી થાઓ તેમ અમે ઇચ્છીએ છીએ.

## યાત્રા અને પ્રભુભક્તિનો લાભ.

રાધનપુરની જૈન મંડળી દર વર્ષે નાતાલના દિવસોમાં મંડળીના સભ્યો ( મુંબઇ તેમજ રાધનપુરના ) ભક્તિરસના સાધનો સાથે તેમજ સુરતના ધર્મપ્રેમી મોહનલાલભાઇ, ગવૈયા પ્રાણસુખભાઇ, મણિલાલભાઇ વિગેરે સાથે યાત્રાના સ્થળે જઇ પ્રભુક્તિ કરી અપૂર્વ આનંદ મેળવે છે. નાતાલ કે તેવા તહેવારોના દિવસોનો આવો સદ્ઉપયોગ કોઇ પણ દેશના બંધુઓને કરવા જેવો છે. આવા ભક્તિના પ્રસંગ મેળવવા શેઠ જીવતલાલ પ્રતાપશીનો પ્રયાસ સ્તુતિપાત્ર છે. ગઇ નાતાલમાં ઉપરની મંડળીનો શ્રી શંખેશ્વરજી મુકામ હતો જેમાં પંન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ સમીવાળા આદિ પધારેલ હોવાથી વધુ આનંદ થવા સાથે મેમ્બરો સિવાય યાત્રિકોની લગભગ બસોની સંખ્યા હતી. પ્રભુભક્તિ સાથે વ્યાખ્યાનનો પણ લાભ અને પૂજા ભક્તિમાં રસ લેનાર દેનાર મોહનલાલભાઇ તથા પ્રાણસુખભાઈથી બહુ આનંદ થયો હતો. આવતા વર્ષની નાતાલમાં આ મંડળીએ શ્રી ભદ્રેશ્વર ( કચ્છ ) જવાનો વિચાર રાખેલ છે.

સુધારો:—ગતાંક માગશર માસના અંકમાં ( શ્રી તીર્થંકર ચરિત્રવાળા લેખમાં ) પા. ૧૧૭માં છેલી લીટીમાં "ભગવાન કદાચ શયન કરતા" તેને બદલે "ખડાખડા કેવલ લહ્યા" આવો પાઠ હોવાથી શયનને વાત સંભવતી નથી એમ સમજવું.

પા. ૧૧૮ માં પ્રથમ લીટીમાં કોઇવાર રાત્રે ઉઠીને બહાર જઇને મુહૂર્ત સુધી ચંક્રમણ કરતા હતા.'' આમ જણાવેલ છે તે પણ યુક્ત નથી. ઉપર પ્રમાણે શાંતમૂર્તિ શ્રીમાન હંસવિજયજી મહારાજજી જણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાભાર સ્વીકાર અને ગ્રંથાવલોકન.

**શ્રી સમેતશિખર તીર્થ ચિત્રાવલી** પ્રકટકર્ત્તા **નથમલ ચંડાલીયા ફોટોગ્રાફર ૯૪ લોઅર ચિતપુર રોડ કલકત્તા કિંમત રૂા. ૨-૦-૦.**

ઉપરોક્ત ગ્રંથ તેના પ્રકટકર્ત્તા મહાશય તરફથી અમોને ભેટ મળ્યો છે. શ્રી સમેતશિખરજી તીર્થની યાત્રા કરનારા યાત્રિકોનો આ ગ્રંથ એક ભોમીયા સમાન છે, કે કોઇને પૂછ્યા સિવાય સુગમતાથી દર્શનના સ્થળોની માહિતી મેળવી શકે છે. આ ગ્રંથમાં આ પહાડ ઉપર દર્શનીય ૩૩) તેત્રીશ ફોટાઓ-પ્રથમ શ્રી પાર્શ્વનાથ સ્વામીના મંદિર અને તમામ પાદુકાઓ અને તેના અસલ લેખો સાથે આપેલ છે, જે કામ કઠિન હોવા છતાં પ્રકટકર્ત્તા બંધુ નથમલજીએ અતિ પરિશ્રમથી તૈયાર કરેલ હોવાથી આ તીર્થ સંબંધી કેટલીક આવશ્યક્તા જૈન સમાજ માટે પુરી પાડી છે. છેવટે " સતરીસયઠાણું " ગ્રંથમાંથી ચોવીશ તીર્થંકર ભગવાનના પંચકલ્યાણકો માતપિતા-જન્મભૂમિ ગોત્ર, વગેરે ઉપયોગી હકીકતનું ટીપ્પણ પણ છેવટે આપી આ ગ્રંથની ઉપયોગીતામાં વધારો કર્યો છે. આ ગ્રંથ ખાસ ખરીદવા જેવો છે અને જો કે પ્રકટકર્ત્તાએ આ માટે ઘણો પરિશ્રમ લીધેલો છે છતાં તેની કિંમત ઓછી રાખી હોત તો વધારે મનુષ્યો લાભ લઇ શકત તે માટે અમો તેમને નમ્ર સુચના કરીયે છીયે.

---

**૧ પ્રમાણમીમાંસા ૨ સભાષ્ય તત્ત્વાર્થાધિગમસૂત્રાણિ ચિત્રસહિતાની ૩ સ્યાદ્વાદ મંજરી ૪ સ્યાદ્વાદ રત્નાકર પ્રથમ દ્વિતીય** અને **તૃતીય** ભાગ આ ૭ ગ્રંથો **શ્રી આર્હતમત પ્રભાકર કાર્યાલય-પુના** તરફથી અમોને ભેટ મળેલ છે. પ્રાચીન સાહિત્ય પ્રકાશનના યુગમાં જૈન પ્રાચીન શ્રી પૂર્વાચાર્યોકૃત ન્યાય અને તત્વજ્ઞાનના આવા ઉપયોગી ગ્રંથો પ્રકટ કરવા માટે ઉપરોક્ત સંસ્થા અને તેના સંચાલક ઉત્પાદક શેઠ **મોતીલાલ લાધાજીને** અમો ધન્યવાદ આપીએ છીએ. દરેક ગ્રંથો મૂળ, ટીકા, ટીપ્પણી સાથે પ્રગટ કરવામાં આવેલ છે. તેમજ તે માંહેલા સુત્રોની દરેક ગ્રંથોના આદ્યમાં સૂચિપત્ર વાંચી અભ્યાસીઓને અતિ સરલતા કરી આપી છે.

બીજો ગ્રંથ તત્વાર્થાધિગમસૂત્ર ભાષ્યસહિત પ્રકટ થયેલ છતાં કેટલાક વિષયો જેવા કે આઠ કર્મો, કાળ ચક્ર, સમવસરણ, મેરૂપર્વત, ચૌદરાજલોક, ગૌતમ સ્વામી શ્રી મહાવીરપ્રભુ વગેરે વર્ણન જ્યાં જ્યાં આ ગ્રંથોમાં આવેલ છે ત્યાં ત્યાં ચિત્રો આપી જીજ્ઞાસુઓની અભિલાષાની તૃપ્તિ કરી છે. કે જેનાથી શીખનારને પણ ઔર સરલતા થઇ પડે તેવું છે એકંદર રીતે આ ૭ ગ્રંથો સારા કાગળો ઉપર, સુંદર શાસ્ત્રી ટાઇપમાં શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે. કિંમત રૂા. ૧), રૂા. ૨ા, રૂા. ૨), રૂા. ૨ા, રૂા. ૨) રૂા. ૨) જે રાખેલ છે. તે યોગ્ય છે. અભ્યાસીઓને માટે જ્ઞાન ભંડાર અને લાયબ્રેરીમાં ખાસ સંગ્રહ કરવા લાયક છે.

## જૈન છબીઓ ( રંગીન )

શ્રી પાવાપુરી તીર્થ, શ્રી જીનદત્ત સૂરિ મહારાજ, છલેશ્યાનું સ્વરૂપ અને મધુબિન્દુ દૃષ્ટાંતનું સ્વરૂપ. આ ચાર છબીયો ઉંચા આર્ટ પેપર ઉપર વિવિધ રંગથી તૈયાર કરાવી શ્રીયુત નથમલ ચંડાલીયા ફોટોગ્રાફરે પ્રકટ કરેલ છે. તેમાં પુરવામાં આવેલ વિવિધ રંગો પણ જ્યાં જોઇએ તેવા છે. નીચે તે દરેક છબીયોના નામ અને ટુંકી સમજ આપવામાં આવે છે. ગૃહ અને લાઇબ્રેરીના શણગાર રૂપ આ ચિત્રો છે. કિંમત દરેકની ચાર આના યોગ્ય છે. મળવાનું ઠેકાણું—પ્રકાશક ૯૪ લોઅર ચિત્તપુર રોડ કલકત્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

## નીચેના ગ્રંથો છપાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૩ ऐन्द्र स्तुति ( संस्कृत )
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૫ શ્રી મહાવીર ચરિત્ર ,,
૬ श्री वसुदेव हींडि प्राकृत
૭ विलासवईकहा अपभ्रंश छाया साथे.

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

---

## આ માસિકના સુજ્ઞ ગ્રાહકોને વધારાની ભેટની બુક.

આગમાનુસાર મુહપત્તિ નિર્ણય—નામની બુક ઉપાધ્યાયજી મહારાજશ્રી સુમતિસાગરજી શિષ્ય પં૦ શ્રી મણિસાગરજી મહારાજના તરફથી, અમારા આ માસિકના માનવંતા તમામ ગ્રાહકોને ભેટ આપવા અમોને મળેલી છે. ધારા પ્રમાણે ભેટની બુક જે અપાય છે તે ઉપરાંત આ વધારાની ભેટ આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવાની છે, જેથી દરેક ગ્રાહક મહાશયે પોષ્ટની એક આનાની ટીકીટ મોકલી આ બુક મંગાવી લેવા નમ્ર સુચના છે. ઉપરોક્ત મુનિ મહારાજાઓનો તે માટે ઉપકાર માનવામાં આવે છે.

---

# ભાઇ કુંવરજી ભીખાભાઇનો સ્વર્ગવાસ.

ભાઇ કુંવરજી ગયા માસની શુદ ૧૪ ના રોજ લાંબા દિવસની બિમારી ભોગવી સ્વર્ગવાસ પામ્યા છે. પોતાનો ધંધો સારી રીતે ખીલવી લાભ લેવાનો વખત આવતા પહેલાં કાળના મુખમાં ઝપડાઇ ગયા છે. તેઓ સ્વભાવે સરલ, માયાળુ અને લાગણીવાળા મનુષ્ય હતા. આ સભા ઉપર ઉપર પ્રેમ ધરાવતા હતા. આ સભાના તેઓ સભાસદ હતા. જેથી અમો અમારી દિલગીરી જાહેર કરીયે છીયે. તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીયે.

---

# ભાઇ નાગજીભાઇ વનમાળીદાસનો સ્વર્ગવાસ.

ઉક્ત બંધુ ચાલતા માસની શુદ ૮ ના રોજ ટુંક વખતની બિમારી ભોગવી શુમારે સાઠ વર્ષની વયે પંચત્ત્વ પામ્યા છે. ભાઇ નાગજીભાઇ નિખાલસ હૃદયના માયાળુ સરળ અને શાંત સ્વભાવના હતા. આ સભા ઉપર પૂર્ણ પ્રેમ ધરાવતા હતા જેથી એક માયાળુ સભાસદની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખરોધર્મ તથા ખરોમાર્ગ.

રે માણસ! તું નીતિ અને સદ્‌ગુણ છોડી કાળાં કર્તુક કરતો હોઇશ, તારા ભાઇબંધોનું માઠું ઈચ્છી તેઓની ગરદન કાપવા ઈચ્છતો હોઇશ, દહાડામાં નવસો નવાણું વખત જુઠું બોલતો હઇશ, ખોટા સમ ખાતો હઇશ, તું દુરાચરણ અને વ્યભિચાર આચરતો હઇશ, તો એવો કયો ધર્મ છે, એવો કયો માર્ગ છે, કે જે તારા સર્વ પાપોનો નાશ કરે? એવો કયો ધર્મ અને માર્ગ છે કે જે તારાં આવાં સઘળાં કર્તુક છતાં તને સ્વર્ગ આપે. માણસ! તું ખાત્રીથી જાણજે કે, દુનીયામાં એવા કોઇજ ધર્મ કે એવો કોઇ માર્ગ છે નહિ. જો એવો ધર્મ હોત તો સર્વે તેમાં ભરાઇ જાત અને આપણી દુનીયામાં અનીતિ અને દુરાચરણનો મોટો ફેલાવો થાત.

પણ જો તું નિત્ય તારા તારણહારનો ઉપકાર માની તેની પ્રાર્થના કરતો હોઇશ, તું તારા ભાઇબંધોને તથા મનુષ્ય જાતિને ચહાતો હઇશ, ગરીબોને તારી શક્તિ પ્રમાણે મદદ કરતો હઇશ, તારૂં અંતઃકરણ ચોખું ને નિર્મળ રાખતા હઇશ, તું નમ્રતા અને દયા દેખાડતા હઇશ, અને આ દુનિયામાં ઉપયોગી થવાને તારાથી બને તેટેલી મહેનત કરતો હઇશ, તો એવો કયો ધર્મ છે કે, જે તને તારી આ બધી ભલાઇનો બદલો નહિ આપે? એવો કયો ધર્મ છે કે, ઈશ્વર તારી ઉપર આથી ખુશી નહિ થશે.

માણસ તું બુદ્ધિવાન પ્રાણી છે. આટલા થોડા વિચાર તારી ખાત્રી કરશે, કે નીતિ અને સદ્‌ગુણ એજ ખરો માર્ગ છે. તું ગમે તે ધર્મમાં હઇશ પણ તારી સારી કે માઠી કરણીનો બદલો તને સારો કે માઠો મળ્યા વગર રહેશે નહિ.

આ સાદા વિચારથી માલમ પડશે કે એક ધર્મ છોડી બીજા ધર્મમાં જવાની જરૂર નથી. જે ધર્મમાં ઇશ્વરે જન્મ આપ્યો હોય તેજ ધર્મમાં રહીને, સદ્‌ગુણથી ચાલી ઇશ્વરને ખુશ કીધો એટલ બસ છે. ઇશ્વરને આપણા ધર્મ સાથે કામ નથી, પણ આપણા કર્મ સાથે કામ છે.

( નીતિ-વચન )

For Private And Personal Use Only